દાળ, બટેકા ને ટમેટાંની ભાવભરતીમાં ફંગોળાતે ફંગોળાતે દેશદ્રોહ કે પ્રજાદ્રોહ અંગે मन की बात માંડી છે ત્યારે જાંચી લેવું જોઈએ કે POLITICALLY MALIGNANT - ટૂંકમાં કે'તા POMA નેતા लोग રાષ્ટ્રવાદને નામે પ્રજાજનોમાં વિવાદ, વિખવાદ અને વિભાજન પેદા કરી પોતાના સત્તાશસ્ત્ર તો સજાવી રહ્યા નથી ને? ઉદ્દામ રાષ્ટ્રવાદ અને કોમી ધ્રુવીકરણ એ એક સિક્કાની બે બાજુ તો નથી ને? આવા ભારાડી ભાઈ લોગ, આ અંકે બેંગ્લોરી હરકાંત માંકડ કહે છે એમ ''જોઈ શું રહ્યા છો? જોડાઈ જાઓ'' ની ધક્કાખેંચ લોકોમાં ઉશ્કેરી પરોક્ષ રીતે તો પ્રજાજનોની વિચારશીલતાને તાળાબંધી કરવાના ફિરાકમાં જ હોય છે. Apple Nationalism ને પૂરા તર્કવિસ્તારે ચર્ચતા સમાજવિજ્ઞાની નલિન મહેતા કહે છે એમ દેશને માત્ર આવેશશીલ નહીં, વિચારશીલ નાગરિકોની જરૂર છે. કુદરતે માત્ર માણસજાતને જ વિચારસામર્થ્ય બક્ષ્યું છે, એને સત્તા સ્વારથ કાજે જોરજુલમે તહસનહસ કરવામાં આવશે તો એવા રાષ્ટ્રોમાં માણસ 'માણસ' નહિ રહે ને પશુવત્ બનશે, અને પછી જંગલરાજ તો કેટલે દૂર? દુનિયાના અન્ય દેશો તો ઠીક પણ ફ્રાન્સ, જર્મની જેવા પ્રૌઢવયી લોકશાહી દેશોમાં પણ ગૌતમ અધિકારીનું Justgratfiti ભીંતલેખન કહે છે એમ એ વિચારબક્ષિશને ખતમ કરવી એ રાષ્ટ્રવાદનો આધુનિક રાગાલાપ બની ચૂક્યો છે, ડોનાલ્ડનું ટ્રમ્પ-ડમરું પણ એ માંયનું જ છે ને, IS અને ISISની પૂંઠપછવાડે! મને કહેવા દો કે કુદરતની એ વિચારબક્ષિશની યોગ્ય માવજત થકી જ આપણા પ્રધાનમંત્રીની સ્ટાર્ટ-અપ, સ્કીલ ડેવલપમેન્ટ તથા સ્માર્ટ સીટી એન્ડ વીલેજીસની સંકલ્પનાઓ સાચા અર્થમાં સાર્થક થઈ શકશે.

રાષ્ટ્રવાદના અંચળા તળે કોઈ ઘટનાને પ્રક્ષેપિત કે મનઘડંત રાષ્ટ્રદ્રોહ તરીકે તકસીરવાર ઠેરવવી એ શાશનના જુલમીપણાને સૂચવે છે. એનો વિરોધ કરવાને રાષ્ટ્રવિરોધી ગણાતું હોય તો રાજકીય વિશ્લેષક ભાનુપ્રતાપ મહેતા કહે છે તેમ તેવો વિરોધ કરવો પણ આપણી ફરજ બની જાય છે, તો ટાગોરની 'ઘરે બાહિરે'નું મુંબઈથી મુદ્રોચિત વિહંગાવલોકન કરાવતા રમેશ ઓઝા વર્તમાન બેતાલ દેશદેકારામાં પોતાને કોઈ ગદ્દાર કહેતું હોય તો એને પોતાનું ફરજોચિત ગૌરવ લેખે છે.

આ અંકે વડોદરેથી ખલીલ ધનતેજવીએ આલેખેલ અફઝલ-ગોડસેનું ઐક્ય અને મહેમદાવાદથી ઉર્વીશ કોઠારીનું ટાગોર, ગાંધી અને રાષ્ટ્રવાદનું સમાલોચન વાંચીશું તો खुल गया बंध अक्ल का ताला ગાવા લાગીએ તો નવાઈ નહિ, પડું પડું થઈ રહેલ ચોમાસાનો વરસાદ પણ સાથ આપશે! નહિ તો, છેલ્લે મૂકેલો જય વસાવડાનો રાષ્ટ્રવાદી ઘૂઘરો તો છે જ, વયસ્ક બાબલાઓને જગાડવા!

આવતા અંકે 'સ્માર્ટ સીટી'ના સ્વપ્ના આંજીને મળીએ એ પહેલાં प्रोजेक्ट मराठावाडा જોઈ આવવાની ભલામણ સહ, जय हिन्द !

તરુણ શાહ





## ૧. જુલમનું એક કૃત્ય

**ડૉ. ભાનુપ્રતાપ મહેતા**

જે. એન. યુ. ખાતે કન્હૈયાકુમારની ધરપકડ અને રાજકીય અસંમતિ પરનું આક્રમણ સૂચવે છે કે આપણે એક એવી સરકાર હેઠળ જીવીએ છીએ જે દુર્બુદ્ધિયુક્ત છે અને સાથે જ રાજકીય દૃષ્ટિએ ક્ષમતારહિત છે. એ બંધારણની મર્યાદામાં રહેલી દેશભક્તિનીયે કચડવા માટે રાષ્ટ્રવાદનો ઉપયોગ કરે છે, અસહમતિને કચડવા કાનુની જુલમશાહીનો, ક્ષુલ્લક વેર વાળવા રાજસત્તાનો અને સંસ્થાઓનો ધ્વંસ કરવા વહીવટી સત્તાનો ઉપયોગ કરે છે. અહીં જે ત્રાટકવાનું બન્યું એને માટે જે.એન.યુ. ખાતે કહેવાતાં કેટલાક રાષ્ટ્રવિરોધી સૂત્રોચ્ચારો અને અફઝલ ગુરુની મૃત્યુતિથિ નિમિત્તે યોજાયેલી એક સભાએ કારણ પૂરું પાડ્યું. પંરતુ એ અંગે સરકારનો પ્રમાણ બહારનો પ્રત્યાઘાત હદ બહારના જુલમનો અણસાર આપે છે. એણે કન્હૈયાકુમારની ધરપકડનો આદેશ આપ્યો - જેના પ્રવચનમાં રાષ્ટ્રવિરોધી ગણી શકાય એવું કશું નહોતું.

ગૃહમંત્રીએ અને માનવસંસાધન મંત્રીએ જે ઝનુનપૂર્વક 'ભારતમાતા'ની સુરક્ષા વિષે અને રાષ્ટ્રવિરોધી ઘટનાઓને ભૂંસી નાખવા વિશે ભાષણો કર્યાં તે ઘણું ઘણું સૂચવી જાય છે. (જેમ કે કન્હૈયાની ધરપકડ એ સરકારને ઉચ્ચતમ સ્તરે લેવાયેલો રાજકીય નિર્ણય હતો. એનો અર્થ એ થાય છે કે સરકાર કશા અન્ય મતને સહન નહીં કરે. એથી એ પણ સ્પષ્ટ થયું કે આ સરકારનો પૂરી તાકાત સાથેનો દાવો છે કે એ પોતે જ રાષ્ટ્રભક્તિનો ઈજારો ધરાવે છે, એનો અર્થ એ પણ છે કે જે પ્રવચન લગીર પણ હિંસાપ્રેરક નહોતું એની સામે પાશવી બળનો ઉપયોગ કરવામાં આવ્યો. જે રીતે ત્રાટકવામાં આવ્યું તેનો અર્થ એ પણ છે કે રાષ્ટ્રદ્રોહના કાનુનના અજ્ઞાનમાં રાચવાનું આ કૃત્ય છે. ખરેખર, પોતાને રાષ્ટ્રવાદના ઉજ્જવળ મશાલધારી ઠરાવવાના જોશમાં એણે પોતાની નોંધપાત્ર અજ્ઞાનતા જ પ્રગટ કરી છે. આ સરકાર માત્ર અસંમતિને જ કચડવા નથી માગતી, યુનિવર્સિટીઓ પરના એના વારંવારના હુમલાઓ દ્વારા એ સ્વયં વિચારતત્ત્વને કચડવા માગે છે.

એ લોકો એવી રાષ્ટ્રભક્તિને પ્રોત્સાહવા માગે છે જેની સફળ થવાની શરત એ છે કે સર્વ પ્રકારની વિચારશક્તિ ખતમ થઈ જાય. અહીં આપણે કેટલાક મુદ્દાઓની ગૂંચમાં ગૂંચવવાથી બચવું જરૂરી છે. કેટલાક વિદ્યાર્થીઓ પોતે જે માન્યતાઓ ધરાવે છે

એ ગેરમાર્ગે દોરાવાનું પરિણામ હોઈ શકે. પરંતુ કોઈ પણ યુનિવર્સિટી એવી માન્યતાઓ વિશે ચર્ચા કરવાનું સ્થાન છે. અફઝલ ગુરુની ફાંસી અંગેની પણ એ માન્યતા હોઈ શકે. પણ ત્યાં જે કાંઈ બોલાયું તે ઉદારમતવાદી લોકશાહીની સમજણ મુજબ ગેરકાનુની નહોતું. એક સમાજ તરીકે આપણે મૂળભૂત ભેદને નજર બહાર કરતા હોઈએ એવું લાગે છે : કોઈ તમારી સાથે સંમત ન થાય એટલા જ માત્રથી રાજ્યના યંત્રણાદાયી બળનો ઉપયોગ કરવાનું કારણ ઊભું નથી થતું. વળી, એ પણ અગત્યનું છે કે અહીં મામલો કોણ રાષ્ટ્રતરફી કે રાષ્ટ્રવિરોધી છે, એનો નથી કે રાષ્ટ્રભક્તિની વ્યાખ્યા કરવાનો પણ નથી. માધ્યમો તથા બુદ્ધિજીવીઓના ઘણા મોટા વિભાગો અતિ ભોળપણપૂર્વક રાષ્ટ્રવાદના પ્રશ્નને ચર્ચાના પાયા નક્કી કરવા દે છે. પરંતુ અતિશયોક્તિનું આળ વહોરીનેય કહેવા દો કે જો રાષ્ટ્રવાદની વ્યાખ્યા અતિ સંકુચિત હોય અને સાંકડી હોય, જો ગંભીર ટીકાટીપ્પણી સહન કરી શકતી ન હોય, જો જોરજુલમ સાથે સંકલિત હોય, જો બુદ્ધિવિરોધી અશક્ત એનો પાયો હોય, અને જો ભાંગફોડ પ્રેરક ઝનૂનને છૂટો દોર આપનાર હોય તો 'રાષ્ટ્રવિરોધી' બનવું એ (નાગરિક) ફરજ બની જાય છે. જરાય ભૂલ કરતા નહીં કે સ્વતંત્રતાના સૌ રક્ષકોને, રાજ્યના સૌ ઉગ્ર ટીકાકારોને આત્મરક્ષા માટે ઝઝૂમતા કરવાને ખાતર રાજ્યના બળનો ઉપયોગ કરવાનો હેતુ આપણને સૌને રાષ્ટ્રદ્રોહી ઠેરવવાનો છે.

પરંતુ (અહીં તો) સરકારનાં કૃત્યો અનિષ્ટમૂલક હોવા ઉપરાંત રાજકીય દૃષ્ટિકોણથી વિચારહીન પણ છે. એક સંકીર્ણ અર્થમાં, જે હુમલો કરાયો છે તે સરકારના કાર્યલક્ષ્ય (એજન્ડા)ની પરિપૂર્તિ કરે છે - રાષ્ટ્રભક્તિની સતત ચર્વણા કરીને જનતામાં ભાગલા પાડો અને એને ગૂંચવો, સરકારે જે સંસ્થાઓને 'ડાબેરી' જાહેર કરી હોય એમની સામે સરકાર જે રોષ સેવે છે અને પ્રગટાવતા રાજકારણને છૂટો દોર આપો. પરંતુ આવી નીતિ અને આવી કાર્યપદ્ધતિ લાંબે ગાળે સરકારની વિશ્વસનિયતાને અનેક રીતે નુકસાન કરે છે. એથી વિરોધ પક્ષોને એક થવા માટેની જોઈતી તમામ દલીલો પૂરી પાડે છે. સરકાર જો આવી વેરઝેરની નીતિ સતત વાપરે તો દેશના મોટા અંશને પોતાની સાથે રાખી શકે એ વાતમાં માલ નથી. આ પ્રકારની આત્યંતિક પ્રતિક્રિયાને પરિણામે સંસદનું એક વિશેષ અધિવેશન ઘાયલ થઈ જાય તો નવાઈ નહીં. અને (જો એમ બને તો) વિરોધપક્ષનો એ અધિકાર ગણાશે. વિરોધ સાથે બહુ છેડછાડ કરવી સારી નહીં. કોંગ્રેસ અને ડાબેરીઓનો અભિપ્રાય સ્વાતંત્ર્ય અંગેનો રેકોર્ડ ભૂંડો છે, છતાં એમને માટે નવી શરૂઆત કરવાની આ એક તક છે. એમણે પણ આમાંથી પાઠ ભણવાનો રહેશે. કોંગ્રેસ અને ડાબેરીઓ પોતે ઓઢી લીધેલા સદ્‌ગુણોનો અંચળો ભલે ઓઢી લેતાં હોય, હકીકત એ છે કે (અપ્રિય મત કે વિચારને) દબાવવાના બધાં કાનૂની સાધનો એમણે જ ઘડ્યાં છે, જેમનો હવે ભારતીય જનતા પાર્ટી (ભાજપા) ભારે



અસરકારક રીતે ઉપયોગ કરી રહેલ છે. અસંમતિના રાજકારણને તકવાદના રાજકારણથી પણ ઉગારતાં રહેલું પડશે.

પેલા વિદ્યાર્થીઓએ જે કાંઈ કર્યું એમાં ભારત સામેનું ખરેખર એટલું કશું જોખમ નથી જેટલું આ સરકાર દ્વારા સ્વાતંત્ર્ય પરની ધોંસ અને મામલાની મૂલ્યાંકનની કચાશ સૂચવે છે. મહામહીમ મંત્રીશ્રીઓએ સમજવાની જરૂર છે કે ચર્ચાના કેન્દ્રમાં જો રાષ્ટ્રવાદ અંગેની ચર્ચા હોય તો જે.એન.યુ. નહીં પરંતુ ખુદ તેઓ આરોપીના પીંજરામાં છે. એમણે લોકશાહી માટે ખતરો ખડો કર્યો છે, જે સૌથી મોટું રાષ્ટ્રવિરોધી કૃત્ય છે.

(તા. ૧૫-૨-૨૦૧૬ના The Indian Expressમાં લેખકના અંગ્રેજી લેખના અનુવાદના મુખ્ય અંશો 'નયા માર્ગ' માંથી સાભાર)

**અનુવાદકની ટિપ્પણ :**

ગુજરાતીમાં એક શબ્દ છે. 'આળું' : એટલે જે જરાકમાં ઘવાઈ જાય અને નાનકડા ઘસરકાને જનોઈવઢ ઘાની ઉપમા આપી દે એવું! કેટલાંક સજ્જનો-સન્નારીઓ આવાં આળાં બની ગયાં છે. કોઈ પણ દેશ સ્વસ્થ, સંતુલિત, વિચારશીલ અને દીર્ઘદૃષ્ટિયુક્ત લોકોથી ચાલી શકે. જો એથી વિપરીત લક્ષણો ધરાવતાં લોકો અતિ ઉચ્ચકક્ષાને પહોંચી જાય તો ... એ દેશની ખાજો દયા!

ગૃહમંત્રીએ આક્ષેપ કર્યો છે કે ભારતશત્રુ ગણાતા હાફીઝ સઈદે જે.એન.યુ.ના વિદ્યાર્થીઓને ટેકો આપ્યો છે. એવું કોઈએ કશું કરવું ન જોઈએ જેથી દેશના સાર્વભૌમત્વ માટે ખતરો ઊભો થાય.

શું હાફીઝ સઈદે ટેકો આપ્યો તેથી વિદ્યાર્થીઓએ હાફીઝ સઈદનો ટેકો લીધો ગણાય? શું એ સંજોગોથી દેશના સાર્વભૌમત્વ માટે ખતરો ઉભો થાય? એમાં કયો તર્ક છે?

આટલું ઓછું હોય તેમ, કેટલાંક માધ્યમોમાં જાહેર થયું છે કે હાફીઝ સઈદને નામે ઈલેક્ટ્રોનિક માધ્યમો પર જે નિવેદન રમતું થયું તે પોતે જ બનાવટી છે. 'કોઈક'ની ગંદી રમત છે.

જો આ વાત સાચી હોય તો અમુક પ્રકારનાં નિવેદનો આવા અવિશ્વસનીય આધારો પર ફેંકવાના માનનીય ગૃહમંત્રીશ્રીના ઉત્સાહને શું કહીશું?

(yashwant.mehta.1938@gmail.com)

---

<u>**ખાસ નોંધ**</u>

કોઈ પણ પુસ્તિકાની વધારાની નકલ મંગાવતાં પહેલાં કિંમત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

# ૨. એપલ નેશનાલિઝમ

## નલિન મહેતા

તાજેતરમાં જ અમેરિકામાં ફારુક અને તેની પત્નીએ ઈસ્લામિક આતંકવાદના સમર્થનમાં ચૌદ લોકોને મારી નાખ્યા. નવે. ૨૦૧૫માં કેલિફોર્નિયાની ફેડરલ કોર્ટે એપલ કંપનીને હુકમ કર્યો કે એ ફારુક પાસેના એપલ ફોન માટે એક એવું બીજું સોફ્ટવેર તૈયાર કરો કે જેથી એપલ આઈફોનની એક ખાસ ગ્રાહકલક્ષી ટેકનિકલ ખાસિયત - ફોનને ખોલવા માટેના દશ નિષ્ફળ પ્રયત્નો પછી તેમાં રહેલો ડેટા આપોઆપ નાશ પામે - નામશેષ જ થઈ જાય. ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશને પણ આ વિનંતી એપલ કંપનીને કરેલ. એ અદાલતી હુકમ તથા ગુનાશોધક એજન્સીની વિનંતીનો હેતુ એ હતો કે ફારૂકના ફોનને હૅક કરવો, અને એ પ્રયત્નો દરમિયાન ફારૂકના ફોનનો આ ડેટા નાશ ન થાય, અને યેનકેન પ્રકારેણ એ ડેટા પ્રાપ્ત થાય જેથી ફારૂકની અન્ય ગુનાહિત માહિતી એમાં હોય તો આગળ ગુનાશોધનમાં કામ લાગે. આમ એક બાજુ ગ્રાહતનું અંગત સ્વાતંત્ર્ય અને બીજી બાજુ રાષ્ટ્રીય સલામતીનો મુદ્દો! એપલના મુખ્ય અધિકારી ટીમ કુકે આ વિનંતી ઠુકરાવી દીધી. કારણ કે આ એક એવો આદેશ હતો કે જેનાથી પોતાના જ ફોનગ્રાહકને છેતરવાનું થતું હતું. ટીમ કુકે કહ્યું કે અમારા જ ફોનગ્રાહકના ફોનને હેક કરવો એ ભયંકર બાબત છે. અને આ બાબત માત્ર ફોન પૂરતી નથી, પરંતુ સરવાળે તે કંપનીના ભવિષ્ય સાથે, એની વ્યાવસાયિક વિશ્વસનીયતા સામે મોટું જોખમ પેદા કરે. આમ કરવાથી ગ્રાહકના પ્રાથમિક અધિકારનું તેમજ અમેરિકાના જ વાણીસ્વાતંત્ર્ય બંધારણીય અધિકારનું પણ ઉલ્લંઘન થાય છે.

એટલું જ નહિ, અમેરિકાના જ પોલીસસત્તાને અંકુશિત રાખવાની જોગવાઈનો પણ ભંગ થાય છે. એપલની વ્યાવસાયિક પ્રતિષ્ઠા પણ જોખમાય. એપલ સમક્ષ, અમેરિકાના કિસ્સામાં તો એનાથીય જૂનો કાયદો છેક ૧૭૮૯ના વર્ષમાં જ્યોર્જ વોશિંગ્ટને સહી કરેલો એક જૂનો કાયદો કે જેમાં નિરૂપાય સંજોગોએ કોર્ટ કોઈ પણ હુકમ કરી શકે એવી જોગવાઈ છે. આ સઘળી પાર્શ્વભૂમાં એપલની ભૂમિકા અંતે પોતાના ગ્રાહકને અપાયેલી સુવિધા ખાતરીઓનું રક્ષણ કરવાની રહી. આની બીજી બાજુ ભારતમાં રસપ્રદ ઘટના એ બની કે કન્હૈયાકુમારને દેશદ્રોહને લગતા જૂના પુરાણા સંસ્થાનવાદી કાયદાના ઉલ્લંઘનકર્તા તરીકે કસૂરવાર ઠેરવી દેવાયો!

એપલ કંપનીના વલણ અંગે આપણું મંતવ્ય ગમે તે હોય, પણ મહત્ત્વની વાત અત્રે એ છે કે અમેરિકામાં ચર્ચાસ્વાતંત્ર્યનો માહોલ કેવો વિવેકી ને સભ્ય રીતભાતી છે - તે છે. અને આમ જોવા જઈએ તો, સમગ્ર સિલિકોન વેલીની આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ખાસ મુલાકાતમાં એપલ કંપનીને સમર્થન આપે છે! ગુગલ, ફેસબુક, ટ્વીટર - આ બધાએ પણ એપલ કંપનીએ લીધેલા કાનૂની વલણને સમર્થન આપ્યું છે.



માઈક્રોસોફ્ટ જેવી કંપનીના સર્જક બીલ ગેટ્સે આ કિસ્સામાં પોતે અમેરિકન અદાલત તથા ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનના વલણને ટેકો આપવા હોવા છતાંય, એપલને હૂંફ પૂરી પાડી છે! ગુગલના સીઈઓ સુંદર પીચાઈએ એટલે સુધી કહ્યું કે ગુગલની નીતિ કાયદાકીય અદાલતી વિનંતીઓને માન આપવાની છે, પરંતુ એના દ્વારા હેકીંગની વાત સ્વીકારાય તો તે મુશ્કેલદાયક દાખલો -troubling precedent બેસશે. આ એ પીચાઈ કે જે ભારતમાં જ ઉછર્યા છે, હજુ પહેલી જ પેઢીના બિનનિવાસી ભારતીય - NRI અમેરિકન છે, પરંતુ અમેરિકનોએ કોઈએ એમની અમેરિકન દેશભક્તિ વિશે કોઈ પ્રશ્ન નથી ઉઠાવ્યો! એપલનો કિસ્સો રાષ્ટીય સલામતી અને અંગત સ્વાતંત્ર્ય વચ્ચેના સંબંધમાં અભૂતપૂર્વ ઐતિહાસિક ઘટના - water shed બની રહેલ છે. પરંતુ કોઈએ આ બાબતને 'રાષ્ટ્રવિરોધી' કહી નથી, ડોનાલ્ડ ટ્રમ્પના અપવાદ સિવાય કે જે પણ એટલું જ કહે છે કે જે જેવા હોય એવું વિચારે ને કરે. સરવાળે એ કહેવાનું કે અમેરિકાની રાજકારણીય પ્રણાલી સિલિકોન વેલીની આ કંપનીને રાષ્ટ્રવિરોધીનું મહેણું મારવા સુધી નથી ગઈ! જ્યારે કનહૈયાકુમાર અને ઉમર ખાલીદને દૂરદર્શન પડદે પેશ કરાતા હતા ત્યારે આપણો રવૈયો કેવો હતો? ''શું બીજો કોઈ દેશ આવા સૂત્રોચ્ચારને સાંખી લે ખરો? અમેરિકામાં આવું કરી જુઓ!'' ખેર! તેઓ એપલના આવા રાષ્ટ્રવાદી (પોતાના દેશના ગ્રાહક હિતનું રક્ષણ કરવું) વલણકિસ્સામાંથી અમેરિકન બોધપાઠ લે!

અત્રે એ નોંધવું જોઈએ કે અમેરિકા એ એવો દેશ કે જેની સર્વોચ્ચ અદાલતે ૧૯૮૯માં અને ૧૯૯૦માં ફરીથી પુષ્ટિ આપી કે અમેરિકાના રાષ્ટ્રધ્વજને બાળવો એ પણ બંધારણીય અધિકાર છે. મોટા ભાગના અમેરિકોને અલબત્ત આ ગમ્યું ન હતું. અમેરિકાના પચાસમાંથી અડતાલીસ રાજ્યોએ રાષ્ટ્રધ્વજ બાળવા સામે કાયદા પસાર કર્યા, પરંતુ અમેરિકાની સર્વોચ્ચ અદાલતે એ બધાને ઉથલાવી દીધા.

આપણામાના ઘણા બધાને 'ભારત તેરે ટુકડે હોંગે' જેવા સૂત્રો પ્રત્યે સૂગ ઉપજે. આવા સૂત્રોનો વિરોધ કરવો, અને આવા સૂત્રો અને તેના પોકારનારાઓને રાજદ્રોહમાં તકસીરવાર ઠેરવવા - આ બંને વચ્ચે તફાવત છે. જેઓ આને દેશદ્રોહ તરીકે ગણતા હોય તેઓએ, અમેરિકન સર્વોચ્ચ અદાલતના ૧૯૯૦માં રાષ્ટ્રધ્વજને બાળવાને કાનૂની અધિકાર જાહેર કર્યા પછી ટાઈમ મેગેઝીનમાં વોલ્ટર આઈઝેકમેનની ટીપ્પણી વાંચવા જેવી છે : ''દેશપ્રેમી જનમાનસને આઘાત લાગ્યો છે. રાષ્ટ્રધ્વજ પ્રત્યેનો પૂજ્યભાવ દરેક નાગરિકના મનમાં તેના બાળપણથી જ રોપાયેલો છે કે જે ધ્વજને જમીન પર અડી જવાના વિચાર માત્રથી તો એ ડગી ડરી જાય છે.

ચંદ્રની ભૂમિ ઉપર રોપાયેલા કે આઈવો જીમા-Iwo Jima (US Marine Corps War Memorial) ખાતે ફરકતો અમેરિકન ધ્વજ દરેક નાગરિકને હૃદયસ્થ છે, મેમોરિઅલ ડે પરેડના અંતે વગાડાતી રાષ્ટ્રગીતની ધૂનોમાં એ કંઠસ્થ થયો છે, દરેક

ગોલ્ડ સ્ટાર માતાના દિલમાં એ ગડીબંધ છે કે જેના પરિવારજનોએ અમેરિકન સ્વાતંત્ર્ય માટે મહામૂલું બલિદાન આપ્યું છે.''

હા, વોલ્ટર હજુ આગળ લખે છે : 'બસ આ જ એક મુખ્ય કારણ છે કે જેના માટે અદાલતે ધ્વજ બાળવાના પ્રતિબંધને હટાવી દીધો છે, કારણ કે એવો પ્રતિબંધ વાણીસ્વાતંત્ર્યના રક્ષણનો ભંગ કરે છે. ધ્વજનો આદર એટલા માટે થાય છે કે એ સ્વાતંત્ર્યની ભૂમિનું પ્રતિનિધિત્વ કરે છે, અને એ સ્વાતંત્ર્યમાં કોઈ વિરોધરૂપે ધ્વજની નિંદા કરવાના સામર્થ્યનો સમાવેશ થાય છે.' માત્ર આવેશશીલ દેશવાસી હોવું પૂરતું નથી. આપણને વિચારશીલ દેશવાસીઓની પણ જરૂર છે અને એ પણ જરૂર છે કે રાષ્ટ્રનો ખ્યાલ એ માત્ર રાજ્યના ખ્યાલથી ક્યાંય મોટો છે - The Idea of the Nation is far bigger than just the State. (દેશ એટલે પોતાના સમાજ દ્વારા થતી માનવકોટીની અને આખી સૃષ્ટિજાતની સેવા - કાકાસાહેબ કાલેલકર)

(nalin.mehta@timesgroup.com તા. ૪-૩-૨૦૧૬ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં લેખકના અંગ્રેજી લેખનો સારાનુવાદ - સં.)

## ૩. વતનપરસ્ત શ્વાનભોંક

### ગૌતમ અધિકારી

આશરે પચ્ચીસ વર્ષ પૂર્વે જ્યારે શીતયુદ્ધનો અંત થયો, ફ્રાન્સિસ ફુકુયામાએ બુદ્ધિને ચોંકાવનારું એક પુસ્તક લખ્યું : ઈતિહાસનો અંત. 'The End of History'. એના મતે સમાજના રાજકીય નિર્માણ અંગેના ઓગણીસ અને વીસમી સદીના વૈચારિક વિવાદોનો અંત આવ્યો છે, અને ઉદારવાદી લોકશાહીનો ઝળહળતો વિજય થયો છે. એ પછી પણ એમણે થોડાક પુસ્તકો લખ્યા જેમાં એમના પોતાના જ પ્રથમોન્મેશમાં ફેરફાર થયેલ માલૂમ પડે છે. આજે ઉદારવાદી લોકશાહીના વિચાર સામે ધમકીરૂપ ગંભીર પડકારો ઊભા થયા છે.

અમેરિકાના પ્રમુખપદ માટે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પના વાણીવિલાસની ચડતી કળા વૈશ્વિક પ્રવાહોનો મહત્ત્વનો નિર્દેશ પૂરો પાડે છે. આત્યંતિક રાષ્ટ્રવાદ કે ઉન્માદી રાષ્ટ્રવાદના વૃદ્ધિગામી ઉછાળે મૂળભૂત લોકશાહી મૂલ્યોને પડકાર્યા છે. સૌથી મોટા લોકશાહી તંત્રો – અમેરિકા અને ભારતને આજે રાષ્ટ્રવાદી ઉન્માદના મોજાઓના સાક્ષી બનવાનું આવ્યું છે, એમાં એક એવો દેશ કે વિશ્વમાં સૌથી પ્રભાવક છે અને બીજો દેશ સૌથી વધુ જનસંખ્યા નોંધપાત્ર રીતે સૌથી વધુ વૈવિધ્ય ધરાવે છે.

આ બંને દેશોમાં લોકશાહીની વર્તમાન દશા એ બીજું કંઈ નથી પરંતુ ભાવિ રાજકીય ગતિવિધિઓની એંધાણી છે. આ બંને દેશોમાં ટેકનોલોજી અને અર્થકારણના વ્યાપક પરિવર્તનો થકી એક બાજુ વિશ્વસમાજ ઊભરી રહ્યો છે ત્યારે વતનપરસ્તી -nativism અને રાજકીય અસ્મિતા -identity politics રૂપે અનિવાર્ય પ્રતિક્રિયાઓ ઊભરી છે. 'ઉદારવાદી ' અહીં ડાબેરી એવો



અર્થ નથી, શાસ્ત્રીય અર્થમાં ઉદારવાદ તો કોઈ પણ લોકશાહી રાજતંત્રની કરોડરજ્જુ છે. એનો અર્થ સમાજમાં અને અર્થકારણમાં ખુલ્લાપણું, મતમતાંતરોનો સ્વીકાર, પ્રજાકીય નાગરિકતા-public civility, મુક્તવાણી, સહષ્ણુિતા અને બીજું બધું કે જે લોકશાહીને વ્યાખ્યાયિત કરે છે.

ડાબેરી અંતિમવાદીઓને ઉદારવાદ પ્રત્યે તેમની એક વિશિષ્ટ ઘૃણા હોય છે. અલબત્ત, આજે અતિ રાષ્ટ્રવાદ એ એક જમણેરી અંતિમવાદ બન્યો છે. યુરોપમાં કે જ્યાં આધુનિકકાળે ઉદારવાદનો પુનર્જન્મ થયો છે, ત્યાં જ જમણેરી પરિબળો  વ્યાપક લોકસમર્થન ઓળવી લેવા વતનપરસ્તીના ઓઠાનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. આ વલણ માત્ર સોવિયેટ બ્લોકના દેશો જેમ કે પોલેન્ડ, હંગેરી, સ્લોવાકીયા કે જ્યાં તુલનાએ લોકશાહીની ઉંમર ઓછી છે, પૂરતું જ મર્યાદિત નથી, પરંતુ ફ્રાન્સ અને જર્મની જેવા પશ્ચિમ યુરોપના દેશો કે જ્યાં લોકશાહી વર્ષોથી સ્થપાયેલી છે તેમાં પણ આ વતનપરસ્તી વિષમરૂપે આગળ આવી છે.

ભારતમાં કેન્દ્ર સરકાર કાં તો મૌન સેવી રહી છે, ઉદાસીન બની છે અને કાં તો શાંતપણે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની સંખ્યાબંધ હિંસાત્મક સંઘર્ષમય ઘટનાઓને ઉત્તેજી રહી છે. આ એવો દેશ છે જેમાં ભાષા, વંશ અને ધર્મવૈવિધ્યની એક અજોડ શ્રેણી છે. સંસ્થાનવાદના ગાળા પછી ઉન્માદી રાષ્ટ્રવાદની જ્વાળાઓને બહેકાવવી સરળ છે. ભૂતકાળમાં જમણેરી અને ડાબેરી પરિબળોએ આ કર્યું છે. પરંતુ હવે હિંદુ-જમણેરીઓએ એમાં વિઘટનકારી exclusivist ધાર્મિક-સાંસ્કૃતિક અસ્મિતાના નામે બળતામાં ઘી ઉમેર્યું છે, ભારતના ખ્યાલને પુર્નવ્યાખ્યાયિત કરવા.

પ્રમુખપદ માટે Campain Rehetoric અમેરિકામાં  રૂઢિચુસ્ત પક્ષના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પનો ચુંટણીપ્રચાર ઝેરીલો બન્યો છે. વતનપરસ્તીની શ્વાનભોંક હવે શ્યામરંગી ઓબામાના સતત બે મુદત લાંબા પ્રમુખશાસનની સામે છે, એમાંથી હવે અમેરિકાની શ્વેત સંખ્યકોની અપ્રગટ અસ્મિતા આતુરતાઓ - identity anxietiesને ખળભળતી કરવામાં આવી છે. હવે વતનપરસ્ત કે વંશપરસ્ત વાતોને ઉમેદવારો તરફથી એક રાષ્ટ્રવાદી લક્ષણ-ગુણ તરીકે અમેરિકાને ફરીથી મહાન બનાવવાના નામે વકરી રહી છે.

આ તબક્કે એક પ્રશ્ન તપાસવો રહ્યો. રાષ્ટ્રવાદી કે વતનપરસ્તી દષ્ટિકોણોનું સમર્થન, અને સત્તાપરસ્તીની ખ્વાહીશ-આ બંને વચ્ચે કોઈ સહસંબંધ છે ખરો? યુનિવર્સિટી ઓફ નોર્થ કેરોલીના, વાન્ડર બીલ્ટ યુનિવર્સિટી અને યુનિ. ઓફ મેસાચ્યુસેટસ ખાતે થયેલા તાજેતરના સંશોધનો સ્પષ્ટપણે સૂચવે છે કે હા, એમ છે. (Refer Amanda Taub at Vox.com.)

વિદ્‌વતજન્ય સંશોધનો સિવાય સામાન્ય સમજણ પણ એમ કહે છે કે અન્યનો ભય કે તિરસ્કાર કે જે વતનપરસ્તોનો ચેતવણીસૂર – siren song લોકશાહીના મૂલ્યોને હલકા પાડવા મથે છે. બિનસાંપ્રદાયિક લોકશાહીના નાગરિકોના વંશ, ધર્મ, વાણી વેશના તફાવતો પ્રત્યેની સહિષ્ણુતા, અસંમતિનો અને સભ્યસંવાદનો સ્વીકાર, દરેક લોકશાહી રાષ્ટ્ર તેમજ વિશ્વમાં બદલાતા સામાજિક-સાંસ્કૃતિક પરિવેશો પ્રત્યેનું અનુકૂલન : આ બધા લોકશાહી મૂલ્યો છે.

(Times of India માં લેખકની justgraffiffi અંગ્રેજી કટારનો સારાનુવાદ - સં.)

# સંવાદ

## ૧. દેશપ્રેમ અને 'ઘરે બાહિરે'

**રમેશ ઓઝા**

બર્ટ્રાન્ડ રસેલે કહ્યું છે કે દેશપ્રેમ એવો નશો છે જેમાં નજીવા કારણસર માણસ પોતાનો જીવ ગુમાવી શકે છે અને બીજાનો લઈ શકે છે. માફ કરજો, પણ ઈતિહાસ તપાસશો તો ખાતરી થશે કે ઈતિહાસમાં થયેલા અડધોઅડધ શહીદો ભાવાવેશી પણ મૂર્ખ હતા. દેશપ્રેમ પણ કોઈનો એજન્ડા હોય છે એ મૂર્ખ ભાવાવેશીઓને સમજાતું નથી. એટલે તો શાસકો દેશપ્રેમનો કેફ ચડાવે છે અને મૂર્ખાઓ ધસી જાય છે.

રવીન્દ્રનાથ ટાગોરની જાણીતી નવલકથા 'ઘરે બાહિરે'ની પૃષ્ઠભૂમિમાં ૧૯૦૫ની બંગભંગની લડત છે. ૧૯૦૫માં ભારતના ગવર્નર જનરલ લોર્ડ કર્ઝને બંગાળના વિભાજનનો નિર્ણય લીધો હતો. એ સમયે બંગાળમાં આજનું બાંગ્લાદેશ, પશ્ચિમ બંગાળ, આસામનો કેટલોક હિસ્સો, લગભગ આખા બિહાર અને ઝારખંડ તેમજ ઓડિશાના કેટલાક હિસ્સાનો સમાવેશ થતો હતો. આટલાં મોટા પ્રદેશને વહીવટી કારણોસર વિભાજિત કરવો જરૂરી હતો એ સાચું, પરંતુ અંગ્રેજોનો ઈરાદો હિંદુ અને મુસલમાનો વચ્ચે કોમી વિભાજન કરવાનો હતો. એટલે તો બંગાળનું વિભાજન વહીવટી વ્યવહારિકતા કે ભાષાને ધ્યાનમાં રાખીનો કરવામાં આવ્યું ન હતું, પરંતુ ધર્મને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

રવીન્દ્રનાથ ટાગોર બંગાળના વિભાજનના વિરોધી હતા. જ્યારે બંગભંગ સામે આંદોલન શરૂ થયું ત્યારે તેમણે તેને ટેકો આપ્યો હતો. અંગ્રેજો કોમી વિભાજન કરે એ કેમ ચલાવી લેવાય? પણ સમસ્યા આંદોલનના સ્વરૂપ વિશેની હતી. આંદોલન સ્વદેશી માટેનું હોય એટલે એમાં સ્વદેશ માટેના પ્રેમ સાથે અભિમાન પણ ઉમેરાય. આગળ જતાં એની જગ્યા રાષ્ટ્રવાદ લે, એટલે રાષ્ટ્રવાદના માપદંડો (મુખ્યત્વે બહુમતી કોમનું હિત એ જ રાષ્ટ્રનું હિત એવો દુરાગ્રહ) વફાદારીની કસોટીઓ, શરતો વગેરે આંદોલનનો હિસ્સો બનવા લાગે. સરવાળે બન્યું એવું કે જે આંદોલન અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરોની નીતિની વિરુદ્ધ હતું એ પોતે જ હિંદુ અને મુસલમાનો વચ્ચે કોમી વિભાજનનું કારણ બનવા લાગ્યું હતું. બંગાળના વિભાજનને ટેકો આપનારા મુસલમાનો રાષ્ટ્રદ્રોહી ગણાવા લાગ્યા અને કોંગ્રેસના સ્વયં કોમી વિભાજન કરનારા રાજકારણનો વિરોધ કરનારા વિવેકીઓને ગદ્દારના લેબલ ચોંટાડવામાં આવ્યા. દેશપ્રેમીઓને દેશપ્રેમના કે દેશદ્રોહના સર્ટીફિકેટ આપવાનું બહુ ગમતું હોય છે.



અત્યારના 'વંદે માતરમ્' અને 'ભારત માતા કી જય'ના દેકારામાં આ લખનાર ગદ્દાર હોવાનું ગૌરવ ધરાવે છે.

આંદોલન શરૂ થયું એનાં વર્ષ દિવસમાં રવીન્દ્રનાથને ખાતરી થઈ ગઈ હતી કે કેટલાક લોકોનો રાષ્ટ્રવાદ ખતરનાક છે. કોમી વિખવાદ પેદા કરનારો અને દેશને તોડનારો રાષ્ટ્રવાદ સાચો રાષ્ટ્રવાદ જ ન કહેવાય. તેમના ધ્યાનમાં એ પણ આવ્યું હતું કે કેટલાક લોકોનો તો એજન્ડા જ કોમી હિંદુવાદી છે. જે લોકો દેશભક્તિના આગ ઝરતા ભાષણો આપતા હતા અને હિંદુઓને ઉશ્કેરતા હતા તેમના અંગત ચારિત્ર્યથી રવીન્દ્રનાથ પરિચિત હતા. આગળ જતા રવીન્દ્રનાથ સમૂળગા રાષ્ટ્રવાદને જ માનવવિરોધી માનતા થઈ ગયા હતા એ જુદી વાત. રવીન્દ્રનાથની વૈશ્વિકતા આમાં પ્રગટ થાય છે અને 'ઘરે બાહિરે'માં એની પહેલી ઝલક મળે છે.

શરૂમાં લડતને ટેકો આપનારા રવીન્દ્રનાથે સ્વદેશી આંદોલનનો વિરોધ કર્યો હતો અને એમાંથી નીકળી ગયા હતા. રાષ્ટ્રવાદીઓએ રવીન્દ્રનાથ પર ગદ્દારનું લેબલ ચોડ્યું હતું. એ પછી ભાગેડુ બીકણ તરીકે ઓળખાવ્યા હતા. એ પછી આરોપ મૂકવામાં આવ્યો હતો કે રવીન્દ્રનાથ ટાગોરની પૂર્વ બંગાળમાં જમીનદારી છે એટલે એસ્ટેટ બચાવવા પ્રયત્નો કરનારા સ્વાર્થી છે. ૫૬ની છાતી ધરાવનારાઓએ એક પછી એક લેબલ રવીન્દ્રનાથના કપાળે ચોડવાનું શરૂ કર્યું હતું.

આ પૃષ્ઠભૂમિમાં રવીન્દ્રનાથે 'ઘરે બાહિરે' નવલકથા લખી હતી. નવલકથામાં નીખીલ આધુનિક ઉદારમતવાદી વિચારો ધરાવનારો જમીનદાર છે. સામે સંદીપનું પાત્ર છે જે ૫૬ ઈંચની છાતી ધરાવતો હોવાનો દાવો કરનાર હિંદુ રાષ્ટ્રવાદી છે. સંદીપ આકર્ષક વ્યક્તિ ધરાવે છે અને એટલી જ મોહિત કરનારી વક્તૃત્વશક્તિ ધરાવે છે. હમણાં જ, એક ક્ષણમાં જ જરૂર પડ્યે આ માણસ પોતાનો જાન આપી દેશે અને જરૂર પડે તો માત્ર ભૂમિ માટે આ માણસ ગમે એનો જાન લઈ લેશે એવી કુરબાની અને મર્દાનગી સંદીપમાં એકસાથે જોવા મળે છે. નીખીલની પત્ની બિમલાને એમ લાગવા માંડે છે કે સંદીપ ભારતને મળેલું ઈશ્વરી વરદાન છે અને એ સંદીપ તરફ ખેંચાવા લાગે છે. આ બાજુ નીખીલ સંદીપને પોતાના ઘરે આવતા રોકતો નથી. બિમલાને સંદીપને મળતા રોકતો નથી, બિમલાને સંદીપની સભાઓમાં જતા રોકતો નથી અને સંદીપના સમર્થનમાં બિમલાને રાજકીય પ્રયત્નો કરતી પણ રોકતો નથી.

નીખીલ બિમલાના અધિકારોનો આદર કરે છે. પોતાના વિચારોથી બીજા છેડાના વિચારો તરફ આકર્ષાઈ રહેલી પોતાની પત્નીને તેના માર્ગે જવા દે છે. સંદીપ તરફ ખેંચાતી જતી બિમલાને રોકવાનો પ્રયાસ એ કરતો નથી. સ્વ-દેશ કરતા સ્વ-રાજ તેના માટે અદકેરું છે.

રવીન્દ્રનાથ સદીના મહાન સર્જક અમસ્તા નથી ગણાતા. રવીન્દ્રનાથે તો સો વર્ષ પહેલાં આ દેશપ્રેમીઓનું કેરેક્ટર પકડી લીધું હતું અને સત્યજીત રાયે ૨૫ વર્ષ પહેલાં કલાત્મક રીતે આપણી સમક્ષ મૂકી આપ્યું હતું. મારી ખાસ સલાહ છે કે 'ઘરે બાહિરે' નવલકથા વાંચી લો અથવા ફિલ્મ જોઈ લો. કારણ કે આવનારા દિવસોમાં તમને ઘણાં સંદીપો મળતા રહેવાના છે. સંદીપોનું કેરેક્ટર સમજવા માટે આ કામમાં આવશે.

(ozaramesh@gmail.com • (M) 93246 41423)

## ૨. માનવપ્રેમ એ જ રાષ્ટ્રપ્રેમ

ડૉ. હરકાંત માંકડ

જો મારે દેશદ્રોહમાં ન ખપવું હોય તો ગતાંકેના કાંકરીચાળાનો પ્રતિસાદ આપવો જ રહ્યો!

એક વાત ચોક્કસ કે આજે જે દેશપ્રેમની હવા ચાલી છે તે ખૂબ પ્રદૂષિત છે અને એ હવાથી જનતાના માનસ પર જે અસર થઈ છે તેના ઘણા ગંભીર પરિણામ આવી શકે. આપણી એક સંતાન પેઢી જો આ વિચારધારામાં ઉછરે તો દેશ ફાસીવાદની જ્વાળામાં સળગી ઊઠે તો નવાઈ નહિ.

આજના ભારત સંદર્ભે રાષ્ટ્રપ્રેમ કોને કહીએ? તરુણ પૂછે છે તેમ ભારત માતાની જય બોલવામાં રાષ્ટ્રપ્રેમ આવી ગયો? અમને માને તે 'રામજાદા' અને ન માને તે 'હરામજાદા' કહેનાર સંસદસભ્ય અને પ્રધાન મંડળના સભ્યને રાષ્ટ્રવાદી કહેવાય? છેલ્લા બે એક વર્ષમાં દેશનું આટલું ત્વરિત અધઃપતન થશે એની તો ખબર ન હતી.

એક લોકશાહી દેશમાં રાષ્ટ્રપ્રેમ કોને કહેવો એ અંગત બાબત છે. વિચાર અને વાણીસ્વાતંત્ર્ય એટલું તો માંગે કે એકના વિચાર બીજા પર ઠોકી બેસાડવાના પ્રયત્નોની સખત ટીકા થવી જોઈએ. જ્યારે દેશના વડા, પોતાના જ પક્ષના આડેધડ ખોટું બોલતા અને ખોટું કરતા નાના-મોટા નેતાઓને ઠપકો આપવાને બદલે મૌન સેવે, તો એ દુર્ભાગ્યની વાત નથી?

મહાચિંતકોએ રાષ્ટ્રપ્રેમને જુદી જુદી રીતે જોયો છે, જાણ્યો છે, જણાવ્યો છે. ઓસ્કાર વાઈલ્ડે કહ્યું છે કે દેશભક્તિ એ એક વિષચક્રનું લક્ષણ છે - Patriotism is the virtue of vicious, તો સેમ્યુઅલ જહોન્સન તો એટલી હદ સુધી જાય છે કે દેશભક્તિ એ નઠારાનું છેલ્લું શરણ છે, - Patriotism is the virtue of a scoundrel.) અને મહાત્મા ગાંધીએ કહ્યું કે 'આપણા માટે દેશભક્તિ એ માનવતા પ્રત્યેના પ્રેમ સમાન છે.' માનવજાતને પ્રેમ કરો એ જ રાષ્ટ્રપ્રેમ.



તરુણ શાહે જે.એન.યુ.ના વિવાદોને પણ છેડ્યા છે. વિચારસ્વાતંત્ર્ય કેળવણીની મોકળાશ પૂરી પાડે છે કે જે એક મહાન વિશ્વવિદ્યાલય માટેની જરૂરત છે. ભારતમાં કમનસીબ વલણ રહ્યું છે કે વિશ્વવિદ્યાલયો સત્તામાં બેઠેલાઓની મનમાની મુજબ ચાલે, એ વાત હમણાં હમણાં વધુ વકરી છે. ઈતિહાસ સાથે ચેડાં થઈ રહ્યા છે. ટુ જી સ્કેમ કે કોલસાકાંડ એ ભ્રષ્ટાચાર છે અને નિંદનીય પણ છે. પરંતુ વિચારોની ભ્રષ્ટતા એ એથીય વધુ ભયાવહ છે અને રાષ્ટ્રને લાંબાગાળાનું નુકસાન કરે તેમ છે.

સમૂહમાનસને ભ્રષ્ટ કરવા માટે, ઘણું ખોટું કરવાની ને ઘણું ખોટું પ્રસારવાની જરૂર પડે છે. પરંપરિત વ્યવસ્થા વિરુદ્ધના મંતવ્ય પ્રત્યેની અસહિષ્ણુતા હવે સામાન્ય બાબત બનતી જાય છે. સ્વતંત્ર વિચારશીલતાને હવે નિરુત્સાહ કરવામાં આવે છે. તાબેદારીતા કે અનુસરણ એ હવે નવા મૂલ્યો તરીકે ઊભરી રહ્યા છે. અનુશાષિત કે મર્યાદાયુક્ત કે અંકુશિત વિચારશીલતા ને વિચારસરણી જ હવે અપેક્ષિત છે કે સ્વીકારાય છે. જોઈ શું રહ્યા છો? હરોળમાં જોડાઈ જાવ! દેશભક્તિના આવા અભિગમો ભયનું વાતાવરણ સર્જે છે. આ ભયમાંથી પછી પરવશતા કે ગુલામી તો થોડા જ અંતરે હોય છે. લોકશાહીનું સત્ત્વ દેશભક્તિના નાદઉન્માદમાં વિલોપાતું જાય છે. આપણે એ યાદ રાખવું પડે કે બહુજન-તા - plurality એ આપણા દેશના જીવંતતાનો આધારસ્તંભ છે. એક સો છવ્વીસ કરોડના આખા યે દેશને એક સૂત્રે બાંધવો એ અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ. અલબત્ત આશાનો દોર ત્યાં જ અટકેલો છે. સામંતશાહી જૂથોનું પ્રભુત્વ વકર્યું છે. સમૂહમાધ્યમો પણ રાજરાગ જ આલાપી રહ્યા છે, રાષ્ટ્રવાદ અને દેશભક્તિના રંગરાસ પીરસી રહ્યા છે. અલબત્ત આવા પ્રયત્નો મુક્ત સમાજમાં અંતે નિષ્ફળ જાય છે. અંતે આલ્બેર કામુને યાદ કરીશ :

'એક રાષ્ટ્રવાદી બનવા હું મારા દેશને વધારે પડતો ચાહું છું.'

"I love my country too much to be a nationalist."

(Harkantmankad@yahoo.com • (M) 9869025779 @ Bangalore)

## ૩. ઐક્ય : અફઝલ અને ગોડસેનું

ખલીલ ધનતેજવી

કેટલાક સોહામણા શબ્દો એટલા હદે કદરૂપા કરી દેવામાં આવ્યા છે કે એ શબ્દ ઉચ્ચારવામાં આપણને પણ નાનમ આવે! સહિષ્ણુતા અને અસહિષ્ણુતાના સીધાસાદા અર્થને એવો તોફાની બનાવી દીધો છે કે તે શબ્દ પાસે જવાની કોઈ હિંમત જ ન કરી શકે! અસહિષ્ણુતા જેવા શબ્દને એવો દુખતા ગુમડા જેવો બનાવી દીધો છે કે

આંગળી મૂકતાં જ ક્યાંકથી કોઈ ચીસ પાડી ઊઠે છે! અડતામાં જ ભવાડા થાય છે! રાજદ્રોહ જેવો શબ્દ તો એવો લપટો થઈ ગયો છે કે ગમે ત્યાં ગમે ત્યારે હાથવગો થઈ જાય છે! આઝાદ ભારતમાં વધારે આઝાદી જોઈએ છે, એવું બૂમ પાડીને કહેવાનું મન થાય છે પરંતુ રાજદ્રોહના આરોપની બીકે મોઢામાંથી શબ્દો જ નીકળતા નથી!

અનૈતિકતા કે અરાજકતા સામે અવાજ ઉઠાવવો એ દરેકની નૈતિક ફરજ છે. દરેકને પોતાની વાત અને પોતાના વિચારો વ્યક્ત કરવાની છૂટ હોવી જોઈએ! બંધારણે તો આપણને સૌને વાણીસ્વતંત્રતા આપી છે. પરંતુ કેટલાક લોકોએ પોતાની મોનોપોલીમાં લઈ લીધી હોવાથી એ અધિકાર તમારી પાસે રહેતો નથી. તમારી વાત અને તમારા વિચારો અનઅધિકૃત ગણાશે અને લોકો તમારાં કપડાં ફાડી નાખશે!

એ લોકોના મનફાવતા અર્થઘટન વિશે ચોખવટથી વાત કરવી હોય તો સમાંતરે એક સરખી તાસીર દાખવતી બે ઘટનાઓ પાસે જવું પડે! મનમાં કશો ઉદ્વેગ, ખુન્નસ કે પૂર્વગ્રહો રાખ્યા વગર શાંતચિત્તે હળવાશથી એ બંને ઘટનાઓને ફંફોસવી જોઈએ. તપાસવી જોઈએ! બેમાંથી એક ઘટના તાજેતરમાં જ બનેલી તરોતાજી ઘટના છે! અને એ છે અફઝલ ગુરૂની વરસીની ઘટના! અફઝલ ગુરૂને રાષ્ટ્રદ્રોહના ગુના હેઠળ ફાંસીની સજા થઈ હતી. અદાલતના આ ચુકાદાને પડકારવાની ગૂંજાઈશ ન હોય તો મોકળા મને ચુકાદો સ્વીકારી લેવો જોઈએ. અદાલતનું અપમાન કે અવગણના કરવાનો આપણને અધિકાર નથી. અફઝલ ગુરૂની ફાંસીની તારીખ યાદ રાખી એની વરસી ઉજવવી એ અદાલતનું અપમાન ગણાય! દિલ્હી સ્થિત જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના કેમ્પસમાં કનૈયાલાલ નામના છાત્રની આગેવાની હેઠળ અફઝલ ગુરૂની વરસી ઉજવવામાં આવી! દરમ્યાન ત્યાં પાકિસ્તાન તરફી સૂત્રો પોકારવામાં આવ્યા હોવાનું પણ કહેવાય છે! બનવાજોગ છે કે કનૈયાલાલને અને કોલેજને બદનામ કરવા માટે ભળતા લોકોએ ટોળામાં ભળીને પાકિસ્તાન તરફી સૂત્રો પોકાર્યા હોય, એમ કહીને કનૈયાનો થોડો ઘણો બચાવ થઈ શકે, પરંતુ અફઝલ ગુરૂની વરસી ઉજવવાની વાતમાં કોઈ ગુંજાઈશ નથી! વરસી ઉજવી એ જગજાહેર વાત છે. એ માટે એને રાષ્ટ્રદ્રોહના ગુના હેઠળ જેલમાં મોકલ્યો એ પણ વાજબી છે! એક રાષ્ટ્રદ્રોહીની વરસી ઉજવવી એ પણ રાષ્ટ્રદ્રોહ જ ગણાય!

પણ આવો રાષ્ટ્રદ્રોહ બીજી ઘટનામાં કોઈને લાગુ થયો નથી! અને એ ઘટના છે ગોડસેના મરણોત્તર સન્માનની ઘટના! ગોડસેએ મહાત્મા ગાંધીની હત્યા કરી હતી! ગોડસેએ રાષ્ટ્રપિતાની હત્યા કરી હતી અને એને પણ રાષ્ટ્રદ્રોહના અપરાધ હેઠળ ફાંસીની સજા થઈ હતી! અફઝલ ગુરૂ કરતાં ગોડસેનો ગુનો વધુ સંગીન હતો અને શક્ય હોત તો એકને બદલે બે વખત ફાંસી આપવામાં આવી હોત! પાંચેક વર્ષ પૂર્વે પુના ખાતે ગાંધીહોલમાં શિવસેના દ્વારા ગોડસેના મરણોત્તર સન્માનનો કાર્યક્રમ



રાખવામાં આવ્યો હતો અને કાર્યક્રમ અંગે અગાઉથી જાહેરાત કરવામાં આવી હોવા છતાં એ સામે તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નહોતા. માત્ર કોંગ્રેસી સદસ્યો એનો વિરોધ કરવા દોડી ગયા તો એમના હાથપગમાં ફ્રેક્ચર કરી દેવામાં આવ્યા! ગોડસેના મરણોત્તર સન્માનનો કાર્યક્રમ ખૂબ જ જાજરમાન હતો. ગોડસેના પરિવારના તમામને સ્ટેજ પર બેસાડવામાં આવ્યા હતા અને શાલ ઓઢાડીને દરેકનું સન્માન કરવામાં આવ્યું હતું! ગોડસેનું મરણોત્તર સન્માન કરીને રાષ્ટ્રભક્ત તરીકે બિરદાવવામાં આવ્યો હતો! ગાંધીજીની હત્યા કરનાર ગોડસે રાષ્ટ્રભક્ત શી રીતે ગણાય! આ સવાલ પાંચ વર્ષ થયા કોઈએ પૂછ્યો નથી!

હવે આ બે ઘટનાઓને નૈતિકતાને ત્રાજવે ચડાવી જુઓ. અફઝલ રાષ્ટ્રદ્રોહી હતો ને આજે પણ રાષ્ટ્રદ્રોહી છે. ગોડસે એનાથી ચડિયાતો રાષ્ટ્રદ્રોહી હોવા છતાં એને રાષ્ટ્રભક્ત જાહેર કરવામાં આવે છે! અફઝલ ગુરૂની વરસી ઉજવાય છે અને ગોડસેનું મરણોત્તર સન્માન થાય છે. વરસી અને સન્માનમાં ફરક ખરો કે નહિ? અફઝલ ગુરૂની વરસી માટે હોબાળો મચાવી દેવામાં આવે છે અને ગોડસેના મરણોત્તર સન્માન સામે ક્યાંયથી કોઈ અવાજ ઊઠતો નથી! શા માટે? અનૈતિકતા સામે અવાજ ઉઠાવવો એ પ્રજાનો જન્મસિદ્ધ અધિકાર છે. પણ એ અધિકાર અમુક જગ્યાએ ખપમાં લેવાય છે અને અમુક જગ્યાએ અધિકારનો ઉપયોગ થતો નથી! આવું કેમ? પ્રજા તરીકે આપણી પણ કોઈ જવાબદારી ખરી કે નહિ? રાજકારણીઓ તો ડબલ સ્ટાનન્ડર્ડ છે જ! પ્રજા પણ એવી બેવડી નીતિમાં ખરડાઈ ગઈ? રાષ્ટ્રદ્રોહીની વરસી ઉજવવી એ પણ રાષ્ટ્રદ્રોહ હોય તો રાષ્ટ્રદ્રોહીનું મરણોત્તર સન્માન કરવું એ પણ રાષ્ટ્રદ્રોહ જ ગણાય! કેમ કોઈ કશું બોલતું નથી? રાષ્ટ્રવાદની વ્યાખ્યા શું? રાજદ્રોહ કોને કહેવાય? બધું પુનઃમૂલ્યાંકન રહ્યું છે! રાષ્ટ્રવાદની હદ ક્યાં સુધી પુરી થાય છે અને રાજદ્રોહ ક્યાંથી શરૂ થાય છે - એ હજી આ લોકો નક્કી કરી શક્યા નથી! કારણ કે એક જ પ્રકારની એક સરખી બે ઘટનાઓને આ લોકો જુદા જુદા અર્થમાં બિરદાવે છે! પરિણામે એક સરખી હોવા છતાં બેમાંથી એક ઘટના અતિશય વાચાળ બને છે અને બીજી ઘટના અસહ્ય રીતે મૌન કેળવે છે! એમાં વાચાળતા પણ એમની અને મૌન પણ એમનું પોતાનું જ હોય છે! એટલે રાષ્ટ્રવાદ અને રાજદ્રોહ અંગે એ પોતે સ્પષ્ટ નથી! આવા લોકો ગમે ત્યારે ગમે તેને માથે પડે એવા હોય છે!

એક કોકડું ઉકેલાતું નથી ત્યાં તો બીજું કોકડું સામે આવે છે. શ્રી શ્રી શ્રીમાન રવિશંકરજીએ જયહિન્દ સાથે પાકિસ્તાન ઝિંદાબાદ બોલવાનું જાહેર આહ્વાન કર્યું છે. જ્યારે જ્યારે જયહિન્દ બોલાય ત્યારે પાકિસ્તાન ઝિંદાબાદ બોલવું જ જોઈએ એવો આગ્રહ પણ એમને રાખ્યો છે! જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં

અફઝલ ગુરૂની વરસીનાં ટાંકણે પાકિસ્તાન તરફી સૂત્રો બોલ્યા હોવાનો વિવાદ તો હજી શમ્યો નથી ત્યાં તો શ્રી શ્રી રવિશંકરજીએ પાકિસ્તાન ઝિંદાબાદનું એલાન કરી દીધું છે! હવે રાજકીય નિષ્ણાતો (?) યુનિવર્સિટી કેમ્પસમાં બોલાયેલા પાકિસ્તાન તરફી સૂત્રો અને જમના નદીના કિનારે શ્રી શ્રી રવિશંકર દ્વારા બોલાયેલા પાકિસ્તાન ઝિંદાબાદ અંગે બંને વચ્ચે રહેલી સામ્યતા અને તફાવત વિશે સંશોધન થશે. કનૈયો ગુનેગાર ઠર્યો છે અને ગુનેગાર ઠરશે. શ્રીશ્રીનો તો વાળ પણ વાંકો થવાનો નથી. એ લખી રાખો! શ્રી શ્રી રવિશંકર નિર્દોષ અને બૌદ્ધિક ઠરે એવું પાકિસ્તાન ઝિંદાબાદનું અર્થઘટન કરવામાં આવશે! નબળો માણસ નિર્દોષ હોવા છતાં ગુનેગાર ઠરે છે, અને તાકાતવાન માણસના અવગુણોને પણ સદ્‌ગુણોની જેમ વધાવી લેવામાં આવે છે! સરકાર પોતે રવિશંકરના પલડામાં બેસી ગઈ હોય ત્યારે સામેના પલડામાં પડેલા કાટલાનો ભાર કેટલો છે? છ કરોડ રૂપિયાનો દંડ સાંભળીને જ માણસ હેબતાઈ જાય. શ્રીશ્રીને એવી કોઈ અનુભૂતિ થઈ નથી. એમને હપ્તા કરી આપવામાં આવ્યા છે. હપ્તે હપ્તે પણ ચૂકવાશે તો આ જન્મમાં જ ને? તો એટલા બધા રૂપિયા આવશે ક્યાંથી એવું પૂછવાની હજી કોઈએ હિંમત કરી નથી! પચ્ચીસ લાખનો પહેલો હપ્તો હોય તો ચોવીસ હપ્તા થાય. એટલે કે બે વર્ષમાં છ કરોડ ચૂકવવા પડે. બે વર્ષમાં છ કરોડ રૂપિયાની સગવડ કોઈ સામાન્ય વાત નથી.

(પટેલ ફળિયું, યાકુતપુરા, વડોદરા-૩૯૦૦૦૬. મો. ૯૮૯૮૨૧૫૭૬૭)

## ૪. ટાગોર, ગાંધી અને રાષ્ટ્રવાદ

ઉર્વીશ કોઠારી

રાષ્ટ્રવાદની ચાલુ મોસમમાં – કે ચાલુ રાષ્ટ્રવાદની આ મોસમમાં આશરે એકાદ સદી પહેલા રવીન્દ્રનાથ ટાગોરે વ્યક્ત કરેલા વિચાર તપાસવા જેવા છે. તેમણે લખ્યું હતું, ‘આ રાષ્ટ્રપરાયણ દેશભક્તિ ... ટોળીવાદનો છેલ્લામાં છેલ્લો અને જંગલીમાં જંગલી આવિર્ભાવ છે. એને જો નિયંત્રિત કરવામાં નહીં આવે, પાછો હઠાવવામાં નહીં આવે અને અંતે તેનો નાશ કરવામાં નહીં તો એ જરૂર માનવજાતનો નાશ કરશે.’

રાષ્ટ્રવાદનાં લક્ષણ રવીન્દ્રનાથે પારખ્યાં ત્યારે તેમની મુખ્ય ટીકા રાષ્ટ્રવાદના નામે સામ્રાજ્યવાદનો ફેલાવો કરનારા કે હિંસક લોભના ચરણે બેસનારા દેશો સામે હતી. ‘પોતાનું રાષ્ટ્ર મહાન અને તેની મહાનતાને વધારવા માટે યુદ્ધ કરવાં પડે તો એ યુદ્ધ નૈતિક-આધ્યાત્મિક પ્રવૃત્તિ ગણાય’ એવી માન્યતા ત્યારે પ્રચલિત હતી. અંગ્રેજોનો લોભિયો હિંસક સામ્રાજ્યવાદ, જાપાનનો ઘાતકી હિંસક શાહીવાદ, ઈટાલીના મુસોલિનીનો ફાસીવાદ, જર્મનીમાં હિટલરનો નાઝીવાદ-આ બધાના ભયંકર ચહેરા પર



રાષ્ટ્રવાદનું રૂપાળું મહોરું હતું. પોતાના બધાં પાપને, બધાં અનિષ્ટોને તે રાષ્ટ્રવાદના નામે વાજબી ઠેરવતા, એટલું જ નહીં, તેની નવા ધર્મની માફક ઉજવણી કરતા. એટલે રવીન્દ્રનાથે લખ્યું, ‘જે પ્રજાઓ દેશભક્તિને ધર્મ તરીકે ખંતપૂર્વક નૈતિક અંધતા કેળવે છે તેઓ એકાએક કમોતે મરશે ... જ્યાં પશ્ચિમના રાષ્ટ્રવાદની ભાવના પ્રવર્તે છે ત્યાં આખી પ્રજાને બાળપણથી બધી જાતનાં સાધન દ્વારા, ઈતિહાસમાં અર્ધજૂઠાણાં ઊભાં કરીને, બીજી પ્રજાઓની ચાલુ ખોટી રજુઆતો કરીને અને તેમની પ્રત્યે પ્રતિકૂળ લાગણીઓ કેળવીને દ્વેષ અને મહત્ત્વાકાંક્ષાઓ પોષવાનું શીખવવામાં આવે છે .. એ રીતે પોતાથી ભિન્ન પ્રજાઓ અને પાડોશીઓ પ્રત્યે સતત અનિષ્ટની ધમકી ચાલુ રાખવામાં આવે છે. આ તો માનવતાના મૂળમાં ઝેર દીધા બરાબર છે.’

ભાવનાશાળી અને હાડોહાડ બૌદ્ધિક એવા રવીન્દ્રનાથે લખ્યું હતું, ‘હું ભારતને ચાહું છું તેનું કારણ હું ભૌગોલિક મૂર્તિપૂજામાં માનું છું અથવા હું ભાગ્યવશાત્ એની ભૂમિ ઉપર જન્મ્યો છું, એ નથી. પણ એનું કારણ એ છે કે એના ઋષિમુનિઓએ ઉચ્ચારેલી વાણીને એણે શતાબ્દીઓની અશાંતિ દરમિયાન સાચવી રાખી છે. ભારતની સાચી પ્રાર્થના આ છે – ‘જે એક છે, વર્ણવિહીન છે, અને જે વિવિધ વર્ણની પ્રજાઓનો નિહિતાર્થ જાણીને બહુ પ્રકારની શક્તિથી પૂરો પાડે છે, જે આદિથી તે અંત સુધી આખા વિશ્વને વ્યાપેલો રહે છે, તે આપણને શુભ બુદ્ધિથી સંયુક્ત કરો.’

ભારતીય સંસ્કૃતિ અને તેના વારસા વિશે મોટા ભાગના ‘રાષ્ટ્રવાદીઓ’ કરતા રવીન્દ્રનાથ વધારે જાણતા હતા. સ્વામી વિવેકાનંદની જેમ તેમને પણ ભારતીય સંસ્કૃતિની ખરી તાકાત તેની વૈવિધ્યપૂર્ણ એકતામાં લાગતી હતી.

જલિયાંવાલા બાગ હત્યાકાંડ પછી ‘સર’નો ખિતાબ પાછો વાળનાર અને ‘શાંતિનિકેતન’ની સ્થાપના કરીને અંગ્રેજી ભાષા ફગાવ્યા વિના, તેની શિક્ષણપદ્ધતિ ત્યજી દેનાર ટાગોરનું સ્થાન કેવું હતું? અંગ્રેજો તેમને સરકાર વિરોધી માનતા હતા અને ગાંધીજીના આંદોલન સાથે સંકળાયેલા કેટલાક નેતાઓ સહિત ‘રાષ્ટ્રવાદીઓ’ તેમને રાષ્ટ્રીય ચળવળના વિરોધી માનતા હતા. સંકુચિત રાષ્ટ્રવાદનો વિરોધ કરતા ટાગોરના આંતરરાષ્ટ્રીયવાદનો બંગાળમાં આકરો વિરોધ થયો. આઝાદીના આંદોલન વિશે અભિપ્રાયો આપવાની તેમની લાયકાત વિશે સવાલો ઉઠાવવામાં આવ્યા. ગાંધીજીની ચરખાપ્રવૃત્તિનો વિરોધ કરનાર ટાગોરની એટલી હદે મશ્કરી કરવામાં આવી કે બંગાળી અખબારોમાં તેમની કવિતાઓની પૅરોડી (પ્રતિકાવ્યો) અને તેમના વિશેની ભદ્દી કવિતાઓ પ્રગટ થઈ. ટાગોરની તળિયાઝાટક ટીકા કરવામાં કેટલાક ગાંધીવાદીઓ અને ગાંધીસંગઠનો પણ સામેલ થયાં. કેટલાકે એવું પણ કહ્યું કે ‘ભારત આઝાદ હોત તો રવીન્દ્રનાથનાં વક્તવ્યો બદલ તેમની સામે રાજદ્રોહનો આરોપ લગાડી દેવાયો હોત.’

આ બધા પ્રતિભાવો એક રીતે રવીન્દ્રનાથની ચેતવણીને સાચી ઠેરવનારા હતા. કેમ કે, 'વર્ણાશ્રમ'ની જેમ 'રાષ્ટ્રવાદ'ના મુદ્દે ગાંધીજીની પોતાની વ્યક્તિગત વ્યાખ્યા ગમે તેટલી ઉદાર, અહિંસક હોય, પરંતુ એ જ વ્યાખ્યા તેમના અનુયાયીઓ અપનાવે એવું જરૂરી ન હતું.

ટાગોરના વિરોધ સામે ગાંધીજીએ આદરપૂર્વક પોતાના વિચાર મૂકવાનું ચાલુ રાખ્યું અને તેમને વિરોધી ગણવાને બદલે પૂરક ગણાવ્યા. 'રાષ્ટ્રવાદી' ઝોકને કારણે ટૉલ્સટોય પણ ગાંધીજીથી દુઃખી થયા હોવાનું ગાંધીચરિત્રકાર રાજમોહન ગાંધીએ નોંધ્યું છે. અલબત્ત, ટૉલ્સટૉયે તેમની મર્યાદિત જાણકારીના આધારે તેને 'હિંદુ રાષ્ટ્રવાદ' ગણી લીધો અને રશિયાના મિત્રોને કહ્યું કે '(ગાંધીના) આ રાષ્ટ્રવાદે બધું બગાડી નાખ્યું.' અહિંસક માર્ગે પરિવર્તન અને સુધારા કરવા ઈચ્છુક ગાંધીનું એક મહત્ત્વનું ધ્યેય રાજકીય આઝાદીનું પણ હતું. એ માટે રાષ્ટ્રવાદ તેમને જરૂરી લાગ્યો. રાજમોહન ગાંધીએ લખ્યું છે કે અંગ્રેજીરાજ પહેલાં અને તેના ગયા પછી પણ ભારતમાં રહેલી હિંસા પર ગાંધીજીએ ઢાંકપિછોડો કર્યો અથવા તેને નજરઅંદાજ કરી તેની પાછળ તેમની રાષ્ટ્રવાદી લાગણી કારણભૂત હતી. ગાંધીજીએ તેમના આ (રાષ્ટ્રવાદી) 'ભય'નો સ્વીકાર કરીને કહ્યું હતું કે એ 'ભ્રમ' વિના ભારત આઝાદીની નજીક ન પહોંચ્યું હોત.

ટાગોરે ચીતરેલાં રાષ્ટ્રવાદનાં અનિષ્ટો ભલે વૈશ્વિક એકતાની લાગણી જગાડવા માટેનાં હોય પણ તેમણે દર્શાવેલાં ભયસ્થાન દેશની અંદર - દેશના લોકો માટે સાચાં પડી રહ્યાં છે. તેમણે કહ્યું હતું, 'અથડામણ રાષ્ટ્રવાદનો પ્રાણ છે. પશ્ચિમના રાષ્ટ્રવાદના મૂળમાં અને કેન્દ્રમાં વિરોધ અને બીજાને જીતવાની ભાવના રહેલી છે અને તેનો પાયો સામાજિક સહકાર નથી. જેને શિકાર વગર ચાલે જ નહિ એવાં શિકારી વરુઓનાં ટોળાં જેવો એ છે ... (રાષ્ટ્રવાદની લાયમાં) ન્યાયી માણસો પણ પોતાના વિચારોમાં અને કાર્યોમાં ક્રૂર થઈ શકે છે. પ્રમાણિક માણસો પણ પોતાનો સ્વાર્થ સાધવા માટે બીજાના માનવ અધિકારો આંધળા થઈને હરી શકે છે.'

[સંદર્ભ : ૧. રવીન્દ્રનાથ અને વિશ્વમાનવવાદ - સૌમ્યેન્દ્રનાથ ઠાકુર, અનુવાદ-ભોગીલાલ ગાંધી.
૨. મહાત્મા ઔર કવિ - સવ્યસાચિ ભટ્ટાચાર્ય અનુવાદ-તાલેવર ગિરિ.
૩. ધ ગુડ બોટમેન - રાજમોહન ગાંધી.]

(લુહારવાસ, મહેમદાવાદ-૩૮૭૧૩૦. ફોન : ૯૯૯૮૨૧૬૭૦૬)

---

'મારા અભિપ્રાયે રાષ્ટ્રવાદ ચઢાઈ અને લશ્કરવાદના એક આદર્શવાદી બચાવ કરતાં વધારે કંઈ નથી.'

**- આલ્બર્ટ આઈન્સ્ટાઈન**



# વૈવિધ્ય

## ૧. કર્તવ્ય પરાયણતાની કટોકટી

**રણછોડ શાહ**

આજથી વર્ષો અગાઉ 'જૂનું એટલું સોનું' (Old is Gold) ની ભાવના હતી. પહેલાંના સમયમાં તમામ પ્રકારના કૌટુંબિક અને સામાજિક સંબંધોમાં પારિવારીક હૂંફ અને ઐક્ય રહેતું અને તેમાં સૌ ગૌરવ અનુભવતા. સગપણ સિવાય પણ બે કુટુંબો વચ્ચે બે-ત્રણ પેઢી સુધી વફાદારીના પાયા ઉપર સંબંધો ખૂબ લાંબા સમય સુધી ટકી રહેતા અને અન્યોને તે બાબત કહેવામાં સૌ ગૌરવ અનુભવતા. એક જ ગામમાં વસવાટ થતો હોવાથી આ સહેલાઈથી શક્ય બનતું. પરંતુ આજના 'ફાસ્ટ ફૂટ' (Fast Food) ના જમાનામાં એક કુટુંબમાં રહેતા સભ્યો વચ્ચે પણ વફાદારી કેટલી છે તે કહેવું કઠીન છે.

આજથી થોડા વર્ષો પહેલાં સામાન્ય રીતે વ્યક્તિ એક સંસ્થામાં વ્યવસાય અર્થે જોડાય તો તે નિવૃત્ત થાય ત્યાં સુધી ત્યાં જ કાર્યરત રહેતો. કામગીરી અંગે જોડાયેલ બે વ્યક્તિઓ ધીમે ધીમે ખૂબ નજીક આવતા અને તે જોડાણ કૌટુંબિક સંબંધોમાં પરિવર્તિત થઈ જતું. માલિક અને કર્મચારી વચ્ચેનો સંબંધ માત્ર શેઠ-નોકર વચ્ચેનો ના રહેતાં બે કુટુંબો ખૂબ નજીકતા અનુભવી એક જ કુટુંબના સભ્યો હોય તે રીતે સંબંધ સાચવતા. નોકરી આપનાર કોઈ ઉપકાર કરે છે તેવી ભાવના નહોતી રાખતા અને તેથી સામે પક્ષે નોકરી કરનાર પણ વ્યવસાયમાં માત્ર ચોક્કસ કલાક નોકરી કરવાની છે તેવી ભાવના નહોતી રાખતા. કેટલીક જૂની સંસ્થાઓમાં તો એક કરતાં વધારે પેઢી એ જ સંસ્થામાં કાર્ય કરતી. વ્યવસાય આપનાર પણ તે કહેવામાં ગૌરવ અનુભવતા 'તેમના પિતાશ્રી પણ અમારી સાથે જ હતા'.

વર્તમાન પરિસ્થિતિમાં કર્મચારી જે સંસ્થામાં નોકરી અંગે જોડાય તેના બીજા જ દિવસથી વધુ સારી તક માટે સતત ફાંફા મારતો રહે છે. સંસ્થાની કામગીરી શીખી લેવાને બદલે બીજી વધુ સારા વળતરવાળી કામગીરીની શોધમાં લાગી પડે છે. અડધું પડધું શીખ્યો ન શીખ્યો અને બીજે કૂદકો મારવા 'વાડ' ઉપર જઈને બેસી જાય છે. સંસ્થાના અન્ય સારા કર્મચારીઓની સોબત કરવાને બદલે સંસ્થાની ટીકા કરતા મિત્રોની ટીમમાં જોડાઈ જઈ તે પણ સંસ્થામાં શું શું અયોગ્ય છે તેની શોધમાં લાગી પડે છે. કોઈ પણ સંસ્થામાં બે પ્રકારની વ્યક્તિઓ તો હોવાની જ 'વફાદાર' અને 'બિનવફાદાર'.

નવા જોડાનાર આગંતુકે નક્કી કરવાનું હોય છે કે મારે કેવી ટીમના સભ્યો બનવું છે. શીખવાની વૃત્તિવાળી ટીમના કે બહાના બનાવી કામ ન કરનારી ટીમના? વ્યક્તિ ખૂબ કાચી ઉંમરે વ્યવસાયમાં જોડાય છે. તેની પાસે આગળનો જાત અનુભવ હોતો નથી. આ

સંજોગોમાં તે કોનું સાંભળે છે, કોના જેવું કરે છે અને શા માટે કરે છે, તેની સ્પષ્ટ સમજ ન હોય તો તે જરૂર ગેરમાર્ગે દોરાય. તેને સતત લાગે છે કે તેનો માલિક તેનું શોષણ જ કરે છે. માલિક વધારે કામ આપી અને ઓછું વળતર આપે છે. તેની આ ગ્રંથિ તેના મનમાં એક વાર સ્થાયી થઈ જાય તો પછી સતત સંસ્થા અને તેના સંચાલકોની ટીકા કરવામાં જોડાઈ જાય છે. તેને 'પાણીમાં પોરા' દેખાવા માંડે છે. ઉપરી અધિકારી તરફ શંકાની નજરે જોવાનું શરૂ કરી દે છે. ક્યારેક સાહેબ સારું અને નવું કામ તેને એટલા માટે ચીંધે છે કે તે નવું નવું કામ શીખી આગળ વધે, નવું નવું જાણી જીવનમાં પ્રગતિ કરે જેથી તેના આર્થિક વળતરમાં વધારો કરાવવાનું ઉપરી અધિકારી માટે સુગમ બને. પરંતુ મનમાં રોપાયેલ નકારાત્મક વિચારો તેને નવું કામ કરતાં રોકે છે. તે એવું માને છે કે મને આ રીતે પટાવી-ફોસલાવી વધારે કામ કરાવવા માંગે છે. ખરેખર તો વ્યક્તિ પોતાને સોંપાયેલ કાર્ય કરતાં વધારે કામ કરે તો તેને બે ફાયદા થાય છે :

(૧) ઉપરી અધિકારીની આંખમાં વસી જાય છે. જેથી તેમનો પ્રેમ અને લાગણી સંપાદન કરી શકે છે. જે તેને પ્રગતિ કરવામાં ખૂબ મદદગાર બને છે.

(૨) એક નવું કાર્ય શીખી લીધું હોવાથી નવા અનુભવો બીજે કાર્યક્ષેત્રમાં પણ કામ લાગે. વળી તે અન્ય સાથી કર્મચારીઓ કરતાં વધારે ફાળો આપી શકે છે જે તેને અંતે આર્થિક વળતરરૂપે ફાયદાકારક બને છે અથવા અન્ય જગ્યાએ જાય ત્યારે પોતાનું કામ તો જાણે જ છે પરંતુ વધારાનું પણ કાંઈક જાણતો હોવાથી અન્યો કરતાં આગળ રહેવાનું તેને માટે અત્યંત સરળ અને સુલભ બને છે.

ભારત એક પ્રગતિશીલ દેશ છે. વિવિધ ક્ષેત્રોમાં નોકરીની ખૂબ મોટી તકો ઉપલબ્ધ છે. સૌને સારા માણસોની ખૂબ મોટી સંખ્યામાં જરૂર છે. તમામ ક્ષેત્રે આજે વિસ્તૃતિકરણ થઈ રહ્યું છે. પ્રત્યેક સંસ્થા પોતાના વ્યવસાયને વધારે ને વધારે આગળ ધપાવવા માટે તનતોડ મહેનત કરે છે. તે સંજોગોમાં સૌ કાર્ય પ્રત્યે નિસબત ધરાવતા કુશળ અને વફાદાર લોકોની શોધમાં હોય તે સ્વાભાવિક છે. અન્ય સંસ્થામાં જોડાઈ પ્રગતિની પગદંડી ઉપર આગળ વધવામાં સહેજ પણ અયોગ્ય નથી. પ્રત્યેક વ્યક્તિ જીવનમાં પ્રગતિ કરે તે માત્ર જરૂરી જ નહીં પરંતુ આવશ્યક છે.

પરંતુ જે સંસ્થામાં જે ફરજ બજાવતા હોય ત્યાં વફાદારીનો ગુણ હંમેશા જાળવી રાખવો અત્યંત જરૂરી છે. આપણી સાથે કાર્ય કરનારાઓ પણ આપણને ખૂબ બારીકાઈથી જોતા હોય છે. અન્ય સ્થળના કર્મચારીઓ આગળ તેઓ આપણા વિશે વાતો કરતા જ હોય છે. સૌને ખબર છે કે જે વ્યક્તિ એક સંસ્થા કે વ્યક્તિને વફાદાર નથી તે અન્ય જગ્યાએ પણ વફાદાર રહેશે નહીં. વ્યક્તિ ઉપર લાગેલ 'બિનવફાદારી'નું લેબલ લાંબા ગાળે જે તે વ્યક્તિને ખૂબ નુકસાનકારક પૂરવાર થાય છે. સૌની તેના તરફ જોવાની દૃષ્ટિમાં પણ બદલાવ આવી

(અનુસંધાન માટે જુઓ પાના નં. ૨૪)



## કવિતા

### હાઈકુ

ઢૂવાના કૂવા
મહીં ખાબકે જીપ,
જીવ, અધ્ધર!

★★★

ભેંકાર રણ
ના ઝરણ, મરણ
આવે દોડતું!

★★★

ચાલતાં ઊંટ
રણ-સમુદ્ર, જાણે
રેતીનાં વ્હાણ!

★★★

માયા વૃક્ષની
છોડીને બેઠું પર્ણ
ધરતીખોળે!

**- ઈશ્વરભાઈ સી. પટેલ**

('ઈદમ્', ૫૦, દિવાળીબાગ
સોસાયટી, ઋષભ ટાવર સામે,
રાંદેર રોડ, સુરત.
મો. ૯૪૨૭૧૯૯૫૯૬)



### વડ
### (વસંતતિલકા)

ઘેઘૂર એ વડ ખડો વગડા વચાળે
ઝૂલી રહેલ વડવાઈ વડી જટા શી!
વર્ષો સુધી તપ કરે અલમસ્ત જોગી
પેઠે, હવા લહરતી સહુ ડાળ-પાન
જાણે હલે શિશુ કને જનની વહાલે!
છોરાં કદીક નવરાશ મળ્યે મજેથી
હીંચી જતાં હરખથી તરુ-ડાળ ઝાલી!
પંખી ગણો નિલય (નીડ) રચી વસેલાં
સાંજે - સવાર કિલકાર કરી કબીલો
જંપી જતો! પશુગણો વિરમે બપોરે,
એ રાત-દી' જપ કરે શિવ જેમ ઊભો!
થોડાક લોકઃ 'નડતો વડ ઝોડ જેવો...'
તૂટી પડ્યા ધડધડાટ અનેક હાથ,
ભેંકાર આજ વગડો અડવો - અનાથ!

**- દેવેન્દ્ર દવે**

**(સૌજન્ય : 'પરબ' માર્ચ ૨૦૧૬)**

## પ્રિયજનને ....

નિર્મમતાથી કુહાડા મારી મારીને કપાયેલા
શિરીષ વૃક્ષના
શુષ્ક થડને
ફરી ફૂટ્યાં છે નવાં મુગ્ધ પર્ણાંકુરો
જીવનની ઘેરી નિરાશા
ને વિચ્છિન્ન કરતી હતાશાની પળોમાં
હિંમત ન હારશો
ઠૂંઠું વૃક્ષ પણ પાંગરી શકે
તો તમે?
તમારા હૃદયનાં મૂળિયાં
સલામત છે હજુ
વર્ષા ને વસંત તો આવતાં જ રહેશે
આશાની વેલ પાંગરશે



મિત્ર,
ઘેરા અંધકારની પાછળ ચળકતું છે એક કિરણ
તમારે વ્યથાના સાગરમાં ડૂબવું નથી
હજુ તરવાનું છે
અરે! કેટલાય ડૂબતાંને કિનારે લઈ જવાનાં છે
ઊઠો પ્રિયજન!
નીરવ આકાશના ઈંજનને સાંભળો
લીલીછમ હસુ હસુ થતી કૂંપળોને સ્પર્શી જુઓ
આમ થંભી ગયે કેમ ચાલશે?
તમને દિશાઓ નિમંત્રે છે
ઝરણાંઓ ટહુકો દે છે
સૂરજ બોલાવે છે
મિત્ર, જરા જુઓ
કેટકેટલી આંખોમાં હજુ તમારા નામના
દરિયા તરે છે?
આમ રણની રેતીમાં મોઢું છુપાવવાથી
આંધી અટકવાની થોડી છે?
મારા વીર મિત્ર,
ઊઠો, શિરીષના વૃક્ષની છાયા તમે પણ બની શકો
બનો.



**- જયશ્રી મહેતા**

(૧, સ્મિતા એપાર્ટમેન્ટ, જયમંગલ પાસે, નારણપુરા, અમદાવાદ-૧૩. મો. ૯૯૨૫૧૮૭૭૪૯)



(પાના નં. ૨૧નું અનુસંધાન)

જાય છે. જે વ્યક્તિ એક જગ્યાએ ટકી શકે નહીં તે બીજા સ્થળે કેવી રીતે ઠરીઠામ થઈને બેસશે? એમ સૌ કોઈ વિચારે છે.

આવી બિનવફાદાર વ્યક્તિને જીવનમાં પણ ખૂબ સહન કરવું પડે છે. ખાસ કરીને તેમના સંતાનોના વ્યવસાયિક અને સામાજિક પ્રસંગોએ લોકો તેમનાથી દૂર રહેવાનું પસંદ કરે છે. સૌને એમ લાગે છે કે તેમની સાથેના સંબંધમાં છેતરાવું પડશે. આ પરિસ્થિતિ ખૂબ ભયાનક સ્વરૂપ પકડી લે છે. પરંતુ ત્યાં સુધીમાં તો સમય ખૂબ વીતી ગયો હોય છે. ઢોળાયેલ દૂધ ઉપર આંસુ સારવાથી કાંઈ બનતું નથી. એક વાર અપ્રમાણિક, બિનવફાદાર અને અવિશ્વાસુની છાપ લાગી જાય પછી જીવતર ધૂળ બની જાય છે. આ બધું વૃદ્ધાવસ્થામાં સમજાય ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે.

યુવાનવયે આંબો રોપ્યો હશે તો ઘડપણમાં કેરી મળશે, પરંતુ બાવળ રોપ્યા હશે તો કાંટા વાગશે. યુવાનીમાં જે કાર્યો કરીશું તે જ આપણી મૂડી બનશે. તેથી જ તો કહેવાય છે કે 'સવારે વહેલો ઊઠી જે ચાલવાની શરૂઆત કરે છે તેને બપોરનો તાપ વેઠવો પડતો નથી.' યુવાનવયે જે સદ્‌ગુણોનું પાલન કરવાનું છે તે કરવામાં આર્થિક લાભ જતો કરવો પડે તો તે કરવા જેવો છે. જિંદગીમાં આગળ વધતાં આર્થિક સધ્ધરતાં કરતાં સંબંધોની મૂડી ખૂબ ઉપયોગી બને છે. સંબંધો સચવાયેલ હશે તો જ જીવન મધુરું બનશે.

(મેનેજિંગ ટ્રસ્ટી, એમિટી સ્કૂલ, ભરૂચ. ફોન : ૯૯૭૯૮૬૧૬૩૧)

## ૨. મન કી બાત

### જશભાઈ પટેલ

આજના થોડા વર્ષોથી વિજ્ઞાન અને ટેકનોલોજીના દરેક ક્ષેત્રમાં આશ્ચર્યકારક વાવાઝોડાની ઝડપે પ્રગતિ કરે છે. પરંતુ દેશમાં શિક્ષણ, ધર્મ, ઉદ્યોગ, વહીવટ ... વગેરે ક્ષેત્રોમાં કૌભાંડ, વ્યભિચાર, છેતરપીંડી, ગુંડાગીરી, સત્તા અને સંપત્તિની લૂંટફાટથી આફતનાં વાદળો બરાબર ઘેરાઈ રહ્યાં છે. ભ્રષ્ટાચારમાં ગાંધી-વૈદ્યનું સહિયારું! વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો — બધા ક્ષેત્રોમાં દેખાય છે. જિંદગીમાં જેટલી મુશ્કેલીઓ જોવા મળી રહી છે તે બધી માણસોએ જ ઊભી કરી છે. દેશ-દુનિયા સત્યમેવ જયતે નહિ પરંતુ અસત્યમેવ જયતેની દિશામાં જઈ રહ્યાં છે. ધર્મ એ પ્રજાને છેતરવાનું એક મહા-માધ્યમ બની ગયું છે. આથી માનવીય સભ્યતા અને સંસ્કૃતિ એની સાથોસાથ આગળ જઈ શકી નથી. જીવતા જીવોને મારી નાખવાની કળામાં વિજ્ઞાને ભારે પ્રગતિ કરી છે અને દુનિયામાં યુદ્ધની પિપાસા વધી છે. સેન્સ-વેલ્યુને બદલે ન્યુ-સન્સ વેલ્યુ વધી છે. માનવીય મૂલ્યોનો ધ્વંસ થઈ રહ્યો છે. જયલલિતા, સલમાનખાન,

ભાગેડુ લલિત મોદી જેવા ઘણા ગુનેગાર રાજકારણીઓ, આશારામ જેવા જાતે બની બેઠેલા ભ્રષ્ટ ગુરૂઓ .. વગેરેના મળેલા ન્યાયથી ન્યાયતંત્રમાંથી પ્રજાનો વિશ્વાસ ઊઠી ગયો છે. 'મારે એની તલવાર'નો સમય આવ્યો છે. તેથી સ્તો તમામ મહામાનવો અબ્રાહમ લિંકન, મહાત્મા ગાંધીજી, ઈસામસિહ, જહોન એફ કેનેડી ... વગેરેના અંત એમના ખૂનથી જ આવ્યો છે. ફૂલો ડૂબી જાય છે અને પથ્થરા તરે છે. યુક્તિબાજો, ગુંડાતત્વો સત્તા અને સંપત્તિના જોરે દેશના દરેક ક્ષેત્રમાં વહીવટ કરે છે.

ઉપરના સંજોગોમાં મારા અવલોકન પ્રમાણે ભારતની લોકશાહી આઝાદીના ૬૮ વર્ષ પછી પણ ગામડામાં વસતા ૭૦ ટકા ખેડૂતો સુધી પહોંચી નથી. ગામડાં તૂટી ગયાં છે. હજારો વર્ષથી દેશે ગુલામી ભોગવી છે એટલે પ્રજાનું માનસ ગુલામ થઈ ગયું છે. પ્રજાને ગુલામી સદી ગઈ છે. ભૌતિકશાસ્ત્રમાં એક સિદ્ધાંત છે કે 'Entropy of the universe increases day by day.' Entropy એટલે અંધાધૂંધી, અરાજકતા, અવ્યવસ્થા. પ્રજા પણ બીજા બેઠેલા નેતાઓ, સેલિબ્રિટીઓને લોભ, લાલચ, સ્વાર્થને કારણે વધુ પડતું મહત્ત્વ આપે છે અને સમાજમાં પ્રમાણિક સજ્જનો, ચારિત્ર્યવાન, શિક્ષિત, લોકસેવક જેવી સામર્થ્યવાન વ્યક્તિઓને નજરઅંદાજ કરે છે. જે વ્યક્તિઓ વચનનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, જનલોકના યોગક્ષમને વળેલી હોય તે ઉત્કૃષ્ઠ નેતૃત્વથી મહામાનવ બની શકે છે. ભારતના આઝાદીના જંગમાં સરદાર પટેલ જેવી ઘણી વ્યક્તિઓએ તન, મન, ધનથી મહાત્મા ગાંધીને સાથ, સહકાર આપ્યો તે સૌ જાણે છે. આ સાથીઓએ યજમાન - Host તરીકે સાત્તયક્ષમ વરિષ્ઠ ભૂમિકા ભજવી દેશને આઝાદ કરવામાં અમૂલ્ય યોગદાન આપ્યું.

Heroic Leadership ના વળગાડમાં Authenic Leadership વિશ્વસનીય નેતૃત્વ દેશ-દુનિયાની પ્રજાને યુગે યુગે મળતું રહે તે માટે પરમકૃપાળુ પરમાત્માને આપણા સૌની પ્રાર્થના.

(૪૦, અપેક્ષા સોસાયટી, મકરન્દ દેસાઈ રોડ, સ્વામિનારાયણ મંદિર સામે,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૦૨૬૫-૨૩૧૪૪૮૪)

## ૩. ડૉકટર ને દર્દીનો સંબંધ

**ડૉ. કિરણ ન. શીંગ્લોત**

ડૉકટર બનવું એ આશીર્વાદરૂપ છે, અને શાપરૂપ પણ. તમામ માનવ વ્યવસાયોમાં ચિકિત્સાકાર્ય ઘણું ઉમદા ગણાયું છે. રુગ્ણ માનવજાતને સાજા કરવાની એમાં ઉત્તમ તક સાંપડે છે, પણ એમાં ભારોભાર જવાબદારી પણ સંકળાયેલી છે. આ કેવળ પેટ ભરવાનો વ્યવસાય નથી. ડૉકટરે વ્યક્તિને માત્ર શરીરના રોગથી જ મુક્ત કરવાની છે એવું નથી. એની પીડા અને યાતનાઓ પણ દૂર કરવાની છે. રોગની ઘણી પીડા શારીરિક નહિ, પણ



માનસિક હોય છે. ઘણા રોગનાં મૂળ માનવીના મનમાં સંતાયેલાં હોય છે. ચિકિત્સા કરનાર તબીબે દર્દીના મનમાં અતલ ઊંડાણમાં ડૂબકી મારવી જરૂરી છે. રેને ડેકાર્ટે માનવશરીરને યંત્ર સાથે સરખાવ્યું છે અને તબીબની કામગીરીને ખોટકાયેલા યંત્રને દુરસ્ત કરનારા મિકેનિક તરીકે. પણ તબીબનું કામ એટલું સરળ નથી. એણે એક એવા જટિલ યંત્રને સાજુ કરવાનું છે, જેની અંદર એક મન છે અને કદાચિત એક આત્મા પણ. જો ચિકિત્સાનું કામ યાંત્રિક હોત તો તબીબ પાસે માત્ર ટેકનિકલ આવડત હોય તો પૂરતું થઈ પડ્યું હોત. પણ આ કામ લાગે તેટલું સરળ નથી. તબીબ પાસે તકનિકી તેમ જ વૈજ્ઞાનિક જાણકારીની અપેક્ષા રહે છે એના કરતાં અનેક ગણી વધારે માનવીના સ્વભાવ અને તેના માનસિક બંધારણને સમજવાની આવડત અપેક્ષિત છે.

ભણીને તૈયાર થઈ રહેલા તબીબી વિદ્યાર્થીને એના વિદ્યાર્થીકાળ દરમિયાન ઘણી વૈજ્ઞાનિક અને ટેકનિકલ જાણકારી અને કુશળતાઓ આપવામાં આવતી હોય છે. પણ તબીબી પ્રેક્ટિસમાં જે સૌથી પાયાની બાબત છે એનો એના શિક્ષણકાળમાં જરા પણ સમાવેશ કરવામાં આવેલો હોતો નથી અને એના વર્ગખંડમાં કદી માનવતાના પાઠ શીખવવામાં આવતા નથી. એના માથે પંડિતાઈનો ભાર આપવામાં આવે છે. પણ નમ્રતાની શીખ આપવામાં આવતી નથી. એને સંભાષણ કલા (કૉમ્યુનિકેશન સ્કિલ)ની ચાવીઓ આપવામાં આવતી નથી. પણ આમાં ન્યૂનતા કે મર્યાદા એના અભ્યાસક્રમની કે કોલેજની નથી. કેમ કે આ ગુણો તો એણે એની પ્રેક્ટિસનાં વર્ષો દરમિયાન સ્વયં ખીલવવાના રહે છે. આ એની સ્વસાધના છે. એના ક્ષેત્રમાં જે વરિષ્ઠ શિક્ષકો અને તબીબો છે એમને એ આ કાર્યમાં પોતાના આદર્શ સ્થાને સ્થાપી શકે છે.

કોલેજશિક્ષણનું પહેલું વર્ષ તો તબીબી વિદ્યાર્થી માટે શરીરરચના અને ક્રિયાવિજ્ઞાન જેવા સંપૂર્ણ સૈદ્ધાંતિક વિષયો શીખવવામાં જાય છે. આ દરમિયાન એ દર્દીઓ અને તેમના રોગોના જીવંત સંપર્કમાં આવતો નથી. પણ અભ્યાસનું પ્રથમ વર્ષ પૂરું કર્યા પછી એ દ્વિતીય ચરણમાં પ્રવેશ કરે છે ત્યારે એને હોસ્પિટલના વોર્ડમાં દર્દીઓના સંપર્કમાં આવવાની તક સાંપડે છે. એ બીમાર અને પીડિત માનવતાની સન્મુખ થાય છે. એને ભાગે દુઃખી ચહેરાઓને જોવાનું આવે છે. પોતાની કલમથી એ દર્દીઓની બિમારીઓની વિગતો એકઠી કરતો થાય છે, જેને મેડિકલ હિસ્ટ્રી કહેવામાં આવે છે. આ સમય છે કે જ્યારથી એને પોતાનામાં એક ઉમદા તબીબ તરીકેના ગુણોનો વિકાસ કરવાની તક સાંપડતી હોય છે. મેડિકલ હિસ્ટ્રી આ દિશામાં એનું પહેલવહેલું ચરણ છે. અત્યંત ધીરજપૂર્વક, ઉતાવળ કર્યા વિના, સહાનુભૂતિપૂર્વક, કેવળ કાનથી સાંભળીને નહીં પણ હૃદયપૂર્વક એણે દર્દીની વિગતો એકઠી કરવી જોઈએ. એણે દર્દીની માનસિક અને સામાજિક ભૂમિકાનો પણ તાગ મેળવવાનો રહે છે. એક દીર્ઘકાલીન સહૃદયી સંબંધનો અહીં પાયો નંખાય છે. આ પૂછપરછનો હેતુ કેવળ દર્દીની સ્થૂળ તબીબી વિગતો એકઠી કરીને તેના રોગનું નિદાન કરવાનો ન રહેવો જોઈએ.

આ પ્રક્રિયા દરમિયાન દર્દી અને તબીબ વચ્ચે મિત્રતાનો સુદૃઢ સેતુ બંધાતો હોય છે. દર્દીને પોતાના ચિકિત્સક પ્રત્યે શ્રદ્ધા જાગતી હોય છે.

માંદગીના બિછાને પડેલા દર્દીને એ સારી પેઠે ખબર છે કે એની સામે ઊભેલો વિદ્યાર્થી શિખાઉ છે. સાવ અણઘડ છે અને એની સારવાર કે સાજા થવામાં કોઈ ભૂમિકા ભજવવાનો નથી. ફળસ્વરૂપ દર્દી પોતાના હૃદયના દ્વાર બંધ કરી દઈ રાખે છે, ચિઢાઈ શકે છે, ગુસ્સો કરી કરી શકે છે. વિગતો આપવામાં જડતા ધારણ કરી લઈ શકે છે. અહીંથી જ તબીબી વિદ્યાર્થી માટે સંભાષણ કળા આત્મસાત્ કરવાનાં કપરાં ચઢાણની શરૂઆત થતી હોય છે. એક સાવ અજાણ્યા વ્યક્તિને એણે મિત્ર બનાવવાનો હોય છે. એક દુ:ખી અને પીડિત ચહેરા પર એણે પરસ્પરની આંખો મળતાં જ સહજ મલકતા કરવાની કળા સિદ્ધ કરવાની હોય છે.

જો તબીબે દર્દીને બરાબર સમજવો હોય તો એની સીધી રીત એ છે કે એણે પોતાની જાતને દર્દીના સ્થાને ગોઠવવી જોઈએ. ઉદાહરણ તરીકે ડૉકટરે પોતે એવી કલ્પના કરી જોવી જોઈએ કે એ એક સામાન્ય મધ્યમવર્ગીય પરિવારમાંથી આવે છે અને એને એક વિશાળ કુટુંબની જવાબદારીનો ભાર ઉઠાવવાનો છે, એ એક ખાનગી કંપનીમાં ટૂંકા પગારની નોકરી કરે છે અને એક મહિનો એણે હોસ્પિટલના બિછાને દાખલ થવાનો વારો આવ્યો છે. દરમિયાન એણે એના સંતાનોની સ્કૂલ ફી ભરવાની છે, મોટી છોકરીને પરણાવવી છે, ઘરમાં માંદાં અને ઘરડાં માબાપની સંભાળ લેવાની છે, એની પોતાની આકસ્મિક આવી પડેલી માંદગીનો ખર્ચ કાઢવાનો છે, એ બધાની ઉપર એના માથે એની પોતાની માંદગીની ગેરહાજરીના કારણે નોકરી ગુમાવવાનો ભય ઊભો થયો છે. હૉસ્પિટલની સારવારનું મોટુંમસ બિલ ઊભું કરી દેનાર તબીબે આ વ્યક્તિની પરિસ્થિતિ અને મજબૂરીનો અંદાજ મેળવવા માટે પોતાની જાતને એના ડગલામાં નાખવી જ પડશે.

દર્દી સાથેના સંભાષણ દરમિયાન તબીબને ચીડ ચઢી શકે છે, ગુસ્સો આવી શકે છે, દર્દી માટે તિરસ્કાર અને તીવ્ર અણગમાની લાગણી પેદા થઈ શકે છે. દર્દીનો કેસ એકદમ સામાન્ય હોય અને એમાંથી તબીબને ઝાઝી આવક થાય તેમ ન હોય, કે એના નિદાન અને સારવારમાં કશો અસાધારણ પડકાર કે બુદ્ધિની કસોટી સંકળાયેલા ન હોય તો એ નિરસ અને કંટાળાકારક બની શકે છે. દર્દીના લાંબાલચક વર્ણનો કે એની અસંબદ્ધ વાતો ઘણી વાર ગુસ્સો અપાવી શકે છે. દર્દીની રીતભાતો અને ગંદી હરકતો સામે સૂગ ચઢી શકે છે. એની નબળી બુદ્ધિમત્તા, લઘરવઘર પહેરવેશ, જુદો ધર્મ, જડ માનસિકતા, તબીબની સલાહ ન સાંભળવાનું વલણ, અંધશ્રદ્ધાઓ અને અતાર્કિક માન્યતાઓ - આ બધું તબીબને ભારે અણગમો અને અકળામણ આપી શકે છે. તબીબે પોતાની આ નકારાત્મક માનસિકતા ઉપર વિજય મેળવવો ખૂબ જરૂરી છે. એણે પોતાની લાગણીઓને નાથવાની રહેશે અને વાસ્તવમાં



તીવ્ર, તુરત અને અનાવશ્યક પ્રતિક્રિયા આપવાની આદતથી બચવું પડશે. દર્દી સાથેના સફળ અને અર્થપૂર્ણ સંભાષણ માટે આ બીજી કપરી શરત કે ચાવી છે.

તબીબ પાસે ભણેલો દર્દી પણ આવે અને અભણ પણ. બંનેને એણે સરખી ધીરજ અને સહાનુભૂતિથી સાંભળવા જોઈએ. અભણ દર્દી પાસેથી પૂરતી કે જરૂરી માહિતી કઢાવવામાં જેટલી મુશ્કેલીનો અનુભવ થાય છે તેના કરતાં બિલકુલ અલગ જ પડકારનો સામનો એણે ભણેલા, બુદ્ધિશાળી દર્દીઓ તરફથી કરવાનો હોય છે. એ પોતાની બિમારીનું અત્યંત બારીકાઈથી બયાન કરે છે, એટલું જ નહીં, પણ તબીબને પોતાનું નિદાન અને સારવાર પણ સૂચવી શકે છે. તબીબની કસોટી બંને પરિસ્થિતિમાં થાય છે. એણે બુદ્ધિશાળી દર્દીની દરેક વિગતને સાચી માનીને ન ચાલવું જોઈએ. તેમ બીજા દર્દીને ગમાર ગણીને એની હકીકતની અવગણના ન કરવી જોઈએ. ‘દર્દી કદી જુઠ્ઠો ન હોઈ શકે’ એ વલણ અપનાવવું દરેક તબીબ માટે ઉપયોગી, લગભગ ફરજિયાત અને સલામત સાબિત થાય છે.

સારવારનો ત્રીજો મહત્ત્વનો નિયમ છે – દર્દીને દરેક રીતે ખુશહાલ રાખવો. તબીબે રમુજી રહેવું જોઈએ. તબીબ અને દર્દી વચ્ચેના સંબંધમાં વિનોદ મહત્ત્વનું પરિબળ સાબિત થતું હોય છે. સામાન્ય રીતે તબીબની મુખાકૃતિ ગંભીર કલ્પવામાં આવે છે. રોગ અને રોગીની વાત કરતી વેળાએ એ હસે તે બરાબર ન લાગે. પણ આ વાત સાચી નથી. પરસ્પરની વાતચીતમાં હળવું વાતાવરણ પેદા કરવાથી તબીબ રોગીની સારવારમાં ઓછા નિષ્ઠાવાન છે એવું પૂરવાર થતું નથી, તેથી વિપરીત તેનાથી દર્દીનો ભાર હળવો થાય છે. એની ચિંતા ઘટે છે. એની હતાશા ઓછી થાય છે. ભારેખમ શબ્દોમાં વાત કરવાથી બંને પક્ષ વચ્ચે એક પ્રકારનું અંતર બની જાય છે. જો તબીબ દર્દીના ચિન્હો કે બીમારીની વાત અત્યંત ઠાવકા મોઢે સાંભળે તો દર્દી પોતાના રોગને તે હોય તેના કરતાં વધારે ગંભીર પરિણામ આપી બેસે છે. એ સાજા થવાની આશા ખોઈ શકે છે. એના બદલે બંને વચ્ચે હળવાશનું વાતાવરણ હોય, વચ્ચે એકાદ રમૂજી કિસ્સા કે ટૂચકાની વાત થઈ જાય તો પરિસ્થિતિ જુદી બને છે.

રોગની ગંભીરતા ગમે તેટલી કેમ ન હોય, તબીબે દર્દીના મનમાં આશાનું બીજ સીંચવું જોઈએ. એને સધિયારો મળવો જોઈએ કે એની રોગમુક્તિ માટે શક્ય તેટલા સઘળા પ્રયાસો અને ઉપાયો કરવામાં આવશે. એને શ્રદ્ધા બેસવી જોઈએ કે એના વ્યક્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એને આદર મળ્યો છે. એની સમસ્યાઓને કે બીમારીને નિરર્થક માનવામાં નથી આવતી. દર્દીની કોઈ પણ ફરિયાદને ‘માનસિક સ્તરની (સાઈકોલોજીકલ)’ ગણી લેવાની ભૂલ તબીબે ન કરવી જોઈએ. ડૉકટર-દર્દીના સંબંધમાં વિશ્વાસનો સેતુ હોવો અનિવાર્ય છે. વિલિયમ ઑસ્લરે એ સાચું જ કહેલું છે કે જો દર્દીને ડૉકટરમાં વિશ્વાસ બેસશે તો જ એની સારવાર કામિયાબ નીવડશે. ઘણા દર્દીઓ ઊંટવૈદકથી પણ સાજા થઈ જાય છે, એની પાછળ કયું પરિબળ કામ કરી જાય છે એનું અનુમાન સહેજે અઘરું નથી. પોતાની

કરુણા અને ઉષ્માથી દર્દીના ભય અને ચિંતાને દૂર કરી શકે છે અને નિદાન તેમજ સારવારની કષ્ટદાયક પ્રક્રિયાઓમાં તેનો સહકાર સંપાદન કરી શકે છે.

ભૌતિકવાદના આ જમાનામાં કમનસીબે આજે સરકારી સાથે સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજોનો જે રીતે રાફડો ફાટ્યો છે તે જોતાં મોટા ભાગના વિદ્યાર્થીઓ ચિકિત્સાના કમાણીના પાસા ભણી વધારે આકર્ષાઈને તબીબી શાખા પસંદ કરતા હોય છે. એ સાચું છે કે મોટા ભાગના તબીબો આર્થિક દૃષ્ટિએ ખૂબ સદ્ધર હોય છે. છતાં હકીકત એ પણ છે કે દર્દીઓ પોતાની સારવાર માટે ડૉકટર એવા પસંદ કરે છે જે સહૃદયી, સૌજન્યશીલ, દયાળુ તેમજ દર્દીની લાગણીઓની કદર કરનારા હોય, કોઈ દર્દીને ગુસ્સાવાળા અને ચીડિયા ડૉકટર પાસે જવાનું નહીં જ ગમે. પોતાની યાતનાને દૂર કરનાર દયાળુ તબીબને કોઈ દર્દી જીવનભર ભૂલી શકતો નથી. એમાં પણ પોતાના દર્દીના હિત ખાતર જેણે ધનની પણ ખેવના ન કરી હોય તેનો ઉપકાર એ શી રીતે વિસારે પાડી શકે?

ડૉકટર-દર્દીના સંબંધનું બૌદ્ધિક પાસું પણ છે. વ્યક્તિ ગમે તેટલી બિમાર ભલે હોય છતાં એ એના પોતાના ક્ષેત્રમાં વિદ્વાન પણ હોઈ શકે છે. આવા દર્દીઓ સાથે રોગ અને ચિકિત્સાની વિગતો ઉપરાંત વખતોવખત બૌદ્ધિક ચર્ચા અને વિનિમય પણ થઈ શકે છે. ડૉકટર અને દર્દી સાહિત્ય, કળા, સંગીત, ફિલોસોફી, રાજનીતિ, સમાજજીવન, ઈતિહાસ, વિજ્ઞાન ઈત્યાદિ વિષયોમાં રસપ્રદ ચર્ચાઓ તેમ જ આદાનપ્રદાન કરી શકે છે. આનાથી ડૉકટર પોતે જ્ઞાનમાં સમૃદ્ધ થઈ શકે છે. એની રુચિની સીમાઓનો વિસ્તાર કરી શકે છે.

ડૉકટર અને દર્દીના સંબંધોના ઘણા આયામ છે. આ સંબંધને ઊંચનીચનો સંબંધ ગણવાની ભૂલ કોઈ તબીબે કદી ન કરવી જોઈએ. ટેકનિકલ જાણકારી ધરાવનારા તબીબ ઊંચા સ્તરે નથી અને બીમાર વ્યક્તિ કોઈ નીચલા દરજ્જે નથી. આ સંબંધનું સર્વ રીતે એકતરફી શોષણ કરવાનો વિચાર કોઈ તબીબે કરવો ન જોઈએ. એ સંબંધમાં માનવીય પાસું ઉમેરતાં એને ઉદાત્ત સ્વરૂપ મળે છે. દરેક તબીબની દૃષ્ટિ એના ભણી હોવી ઘટે છે. અંતે તો પૈસા, નામ, કીર્તિ કે પંડિતાઈ કશું કામ આવતું નથી. જો કંઈ સાથે આવતું હોય તો એ છે કે માનવતા, પ્રેમ અને ઉત્તમ ચારિત્ર્ય.

સઘળા માનવવ્યવસાયોમાં ચિકિત્સાકર્મ પરમ સુખમય છે. કેમ કે ચિકિત્સકની સમક્ષ ભગવાન રોજ રોજ અનેક બીમારો અને પીડિતોના રૂપમાં હાજર થતા હોય છે. એમની સેવા કરવાનો એને અનાયાસ મોકો મળે છે. આ મોકાને એણે ધનની ખેવના કર્યા વિના ઉમળકાથી વધાવી લેવો જોઈએ.

એટલે જ તો કહેવામાં આવ્યું છે કે તબીબને માટે ભક્તિનો માર્ગ અત્યંત સુસાધ્ય છે.

(ફેમિલી ફિઝિશિયન અને બાળરોગવિશેષજ્ઞ, એ-૬, અભિષેક બંગલોઝ, વિશ્વામિત્રી રોડ, માંજલપુર, વડોદરા. મો. ૯૪૨૬૩૯૨૮૮૮)



# ૪. આત્મહત્યા કરતાં પહેલાં ...

## ભદ્રાયુ વછરાજાની

દોસ્ત, તમે કાયર છો? તમે વિચારી ન શકો તેવા પામર છો?

તમે નકલખોર છો? તમે ગાડરિયા પ્રવાહનું અબુધ ઘેટું છો?

તો, એકની પાછળ બીજાની લાઈન લગાવી આત્મહત્યા કરવે શું ચડ્યા છો? આત્મહત્યાનો જાણે વાયરો વાયો છે! રોજ છાપામાં એકાદ વિદ્યાર્થી પંખે લટક્યાનું વાંચી અમારું માથું શરમથી ઝૂકે છે. તમે કેમ નાસીપાસ લોકોની ફોજમાં ભળ્યા છો? તમને કેમ વિચારવાયુ થઈ ગયેલ છે?? ‘હું નાપાસ થઈશ તો’ ... ‘મારા ઓછા ટકા આવશે તો’ ... ‘હું ઈજનેર નહીં થઈ શકું તો?’ ... ‘હું મમ્મી-પપ્પાની આશા પૂરી નહીં કરી શકો તો..’ મિત્રો, આવા ‘તો’ જ્યારે પરેશાન કરે ત્યારે યાદ રાખો કે આપણે ‘જો’ને ભૂલ્યા એટલે ‘તો’ આપણી ઉપર સવારી કરી ગયો! જો અને તો, જોડિયા ભાઈઓ છે. પહેલા ભાઈને બરાબર ન સાચવો તો બીજો ભાઈ વિફરે. જે વિદ્યાર્થી ‘જો’ ચૂકી જાય છે તેણે ‘તો’ના ગુલામ થવું પડે છે.

ભણે તે શું બધા પાસ થાય? જેટલા પાસ થાય તે શું બધા ડિસ્ટિંક્શનમાં જ જાહેર થાય? જેટલા ડિસ્ટિંક્શનમાં સફળ થાય તે શું બધા પહેલો જ નંબર આવે? બને આવું કોઈ દિવસ? તો પછી આવી ઘેલછા આપણા મનમાં ઘૂસે છે ક્યાંથી? આટલી તડાપીટ પછી જો થોડીક શ્રદ્ધા તમને તમારામાં બચી હોય તો તમને જ્યારે જીવ દઈ દેવાનો અતિ નબળો વિચાર આવે ત્યારે કંઈ પણ કરવા કરતાં ત્રણ પગલાં ભરો. આ મારી તમને નમ્ર વિનંતી છે.

(૧) આત્મહત્યાનો વિચાર મનની હડફેટે ચડે ત્યારથી તમારી માતાને રોજ ધારી ધારીને ત્રણ કલાક જોયા કરો. મા કામ કરતી હોય ત્યારે બારણાં પાછળ સંતાઈને માતાના ચહેરા સામે અનિમેષ નજરે જુઓ. તેનો વિચાર કરો. તમને અંદરથી કોઈ પૂછશે કે કોણ મોટું : તને જન્મ દઈ, દુઃખ સહન કરી તને આટલો મોટો કરનાર તારી મા મહત્ત્વની છે કે તારું પરિણામ - તારો એ ગ્રેડ - તારી સિદ્ધિ? માનાં ચહેરા સામે જોઈને પૂછો તમારી જાતને કે આને મારા વગર ચાલશે? હું આત્મહત્યા કરીશ તો આ વ્હાલી મા પર શી વીતશે? એ રડી રડીને જીવતર કાપશે તે મને ગમશે?

(૨) આત્મહત્યા કરવી છે એવો અણસારો પણ આવે તો તરત તમારા ભૂતકાળને યાદ કરો. શું હં ક્યારેય ઓછા માર્ક નથી લાવ્યો? શું મને ક્યારેક લાલ લીટી નથી આવી? હું કોઈ સ્પર્ધામાં નથી હાર્યો? અને છતાં હું આજે દસમું કે બારમું કે ફાઈનલ સુધી નથી પહોંચ્યો? હું ત્યાં ને ત્યાં પડ્યો છું કે ના, આગળને આગળ વધ્યો છું? તેનો અર્થ એવો કે આજે મારે હારી જવાની જરૂર નથી. આ જે ભણ્યા તેની પરીક્ષા છે, આ કંઈ જિંદગીની પરીક્ષા નથી.

(૩) ત્રીજું અને છેલ્લું પગથિયું... જીવ દઈ દેવાની પ્રબળ લાગણી થાય ત્યારે તમે

તમારા ઈશ્વરની સામે જુઓ. આકાશ સામે તાકી રહો. આ પ્રકૃતિ કે જેમણે મને પેદા કરેલ છે તેમાં આટલી વિશાળતા છે, છતાં કોઈ મોટું છે, કોઈ નાનું છે, કોઈ પ્રકાશિત છે તો કોઈ ઝાંખું છે, કોઈ દિવસે ઊગે છે તો કોઈ રાત્રે ટમકે છે, લીલુંછમ ઝાડ પણ પાનખરમાં ખરી નથી પડતું? પાણીપોચું ભરચક્ક વાદળ પણ ક્યારેક પૂરી અનૂકૂળતા હોય છતાં વરસ્યા વગર નથી જતું રહેતું? મારા ભગવાને મને સંદેશો આપ્યો છે કે દોસ્ત, મારાં બધાં જ સર્જનમાં ઊતાર-ચઢાવ છે, પાસ-નાપાસ છે, તું ઠાલો હારી ન જા … વિચારો મિત્રો, મને જન્મ જેણે આપ્યો તે જ મારો જીવ લઈ શકે. મને મારા સર્જનહારથી ઉપરવટ જવાની છૂટ નથી જ. મારું સર્જન મેં નથી કર્યું, તો મારી હત્યા કરનારો હું કોણ??

(bhadrayu2@gmail.com)

## ૫. પ્રથમ લેખપ્રસિદ્ધિની અનુભૂતિ

**કમલેશ હરિપ્રસાદ દવે**

સહજભાવે લખું તો પ્રથમ લેખ છપાયાની અનુભૂતિ અંગે કોઈ લેખકે ક્યાંય પોતાનો અનુભવ રોમાંચ ટાંક્યો નહીં હોય એમ ધારણા કરું છું. મારી સોસાયટીમાં ''જ્યોતવાણી'' નામનું ત્રિમાસિક મેગેઝીન પ્રસિદ્ધ થાય, તેમાં સભ્યો કે રહીશો પોતાનાં રસ-રૂચિ અનુરૂપ જે કંઈ આવડે તે લખે, આમ મેં પણ થોડો પ્રયત્ન સંતોષ ખાતર કર્યો. હું જાણું, મારી સાહિત્ય-વાંચન તરફ રસ-રૂચિ નોંધપાત્ર પણ લેખન-લખાણમાં શૂન્ય. ગુણવતા-સભર લેખન પ્રવૃત્તિની આંતરિક શક્તિ મજબૂત પણ નિષ્ક્રિય ખૂણામાં પડી રહેલી. મારા વિચાર-શબ્દો આંતરવાણી કાગળ ઉપર બે-ત્રણ વખત સુધારા સાથે યથાયોગ્ય શબ્દોનાં મેચીંગ વડે મથામણ કરી-ગોઠવણ કરી પાંચ-સાત વાર વાંચી સુધારી એક લેખ તૈયાર કર્યો, જે જ્યોતવાણી મેગેઝીનમાં પ્રકાશિત થયો. આ પ્રથમ લેખ મેં વાંચ્યો અને વાંચતા વાંચતા મારા આનંદનો પાર ના રહ્યો. તંત્રીએ લેખ કોઈ પણ સુધારા-વગર છાપ્યો જે લેખ આખો દિવસ લઈ હું આમથી તેમ ફરું! ઘરમાં સભ્યોને બતાવું. ફરી ફરી વાંચુ. રોમાંચિત થાઉં. આનંદ-પરમાનંદની તૃપ્તિ પામું. જે કોઈ મહેમાનો, મિત્રો, શુભેચ્છકો, સગાસંબંધી આવે તેને બતાવું. જુઓ મારું લખાણ. સૌ કોઈ મને, ક-મને વાંચે અને મારા લખાણને સ્વીકારે-સન્માનિત કરે. અનુભવે જણાવ્યું - આ લખાણને-લેખને આશરે સોસાયટીનાં ત્રણસો વાચકોએ વાંચ્યો હશે. આમ લેખનપ્રવૃત્તિની કળા-કૌશલ્ય ધીરે ધીરે બહાર આવવા લાગ્યા. અગાઉ મનોમંથન રહેતું કે જુદાં જુદાં લેખકો કેવું ભારે ભારે લખે છે? કેવી રીતે લખે? લખાણ-વિચાર ક્યાંથી પ્રકટ થથાં હશે, ઉદ્‌ભવતાં હશે! શબ્દોની ગોઠવણી, માનસિક મથામણ કેવાં હશે! અહીં આ બધાં પ્રશ્નોનું સમાધાન થયું. આ બધા વિચારો-સવાલો મારા લેખ છપાયા બાદ હાશકારા-



હળવાશમાં પરિણમ્યાં. થોડાં થોડાં સમયાંતરે રુચિ-રસ અનુરૂપ લેખો છપાતા ગયાં અને લેખન પ્રવૃત્તિ રસ-રુચિ, ગમતી મનગમતી પ્રવૃત્તિમાં પરિણમી. આજે જ્યોતવાણીને પાંચ-છ વર્ષ થયાં. અંકો ૨૦ થી ૨૨ જન્મ્યાં. ઘણાં ખરા અંકોમાં મારા નાના-મોટા લેખો છપાયા જે વાંચી આજે હું હરખાઉ છું. આ પ્રયત્નો બાદ ''આપણું વિચારવલોણું'' અને સદ્‌વિચાર પરિવારનાં ''સુવિચાર'' પુસ્તિકામાં થોડાં લેખો મોકલ્યા, પરિણામ શૂન્ય હતું. પણ આશાવાદી-વૃત્તિને કારણે આપણું વિચારવલોણું પુસ્તિકામાં એક લેખને સ્થાન મળ્યું માહે-જાન્યુઆરી ૨૦૧૫માં નવાં વર્ષનાં સંકલ્પો શીર્ષક હેઠળ. મારું લખાણ ગુણવત્તાસભર, યથાયોગ્ય જણાયું. લેખની સ્વીકૃતિ અને સન્માન થયું તેનો ગર્વ-આનંદ અને ઉમળકો છે! લેખ પુસ્તિકામાં ફાટી આંખે હું જોઈ રહ્યો. મારું નામ અને મેં આપેલું શીર્ષક લખાણ સાથે! એક આનંદ-પરમાનંદની અનુભૂતિ લેખ પ્રસિદ્ધ-પ્રકાશિત થયાની! વિશ્વાસ વધતો રહ્યો સમુદ્રનાં મોજાંની જેમ! ધીમે ધીમે પેન સુંદર અનુપમ અને મજબૂત શબ્દો અને વાક્યો શોધતી રહી અને કાગળમાં પાથરતી રહી. ઈચ્છાશક્તિ, આશાવાદીભાવ અને અથાક પ્રયત્નોએ સદ્‌વિચાર પરિવારની પુસ્તિકા ''સુવિચાર''માં પણ ત્રણ-ચાર લેખો પ્રકાશિત થયા. વળી પાછાં ઘણાં પ્રયત્નો ''નવગુજરાત સમય'' દૈનિક પેપરમાં વાચક-કોલમમાં લેખો મોકલી આપ્યા અને તેમાં પણ વાચક-શીર્ષક કોલમ હેઠળનો લેખ છપાયો. વાંચી આનંદ-પરમાનંદની અનુભૂતિ સ્વાભાવિક થાય જ! મારો લેખ સમગ્ર શહેરે વાંચ્યો, મારા લખાણમાં જોર-તાકાત હોય તેની અનુભૂતિ લાગી. આમ લેખો છપાયાનો અજબગજબનો રોમાંચ છે, મજા છે, મસ્તી છે, ટેસડો છે. થોડું ઘણું લેખન-પ્રવૃત્તિ અંગે લખું તો વાંચતા જાવ, નવીન વિચારો, સર્જનાત્મકતા ધારણ કરો અને આશાવાદી બનો, પછી જુઓ પરિણામ મળે જ લેખન કાર્યસંબંધી!

(૮૯, જ્યોતિકળશ સોસાયટી, સેટેલાઈટ રોડ, સુંદરવન પાછળ,
અમદાવાદ-૧૫. મો. ૯૪૨૯૦૬૮૦૫૦))

**આપનું લવાજમ પૂરું થાય છે?**

કેટલાક સભ્યોનું લવાજમ જુલાઈ-૨૦૧૬માં પૂરું થઈ રહ્યું છે. જો આપનું લવાજમ આ અંક સાથે પૂરું થતું હોય તો સત્વરે વિચારવલોણું પરિવારની ઓફિસે ચેક અથવા તો મની ઓર્ડર કે રોકડેથી મોકલી આપશો. લવાજમ મોકલતી વખતે આપના નામના પ્રથમાક્ષર સાથેનો આપનો સભ્ય ક્રમાંક અવશ્ય લખશો. આપના અંકોની ફાઈલ નિયમિત જળવાઈ રહે તે માટે લવાજમ સમયસર રિન્યૂ કરાવવાનો આગ્રહ રાખશો.

## હેવાનિયત

**દર્શના વ્યાસ**

મારી સંસ્થાના કાર્યના ભાગરૂપે મહારાષ્ટ્રનાં અલગ અલગ જીલ્લાઓમાં ગણિકાઓ, સમલૈંગિક અને કિન્નરો સાથે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓમાં મૂલ્યાંકન માટે વારંવાર જવાનું થતું હતું. જ્યારે પણ મુલાકાત માટે જવાનું હોય ત્યારે ત્યાંની વારંગનાઓ અને સમલૈંગિકો માટે એકાદ દિવસ ખાસ ફાળવતી જેના કારણે આપેલા ફંડ તેમના સુધી પહોંચે છે કે નહીં તેનો પણ ખ્યાલ આવે અને તેમનાં પ્રશ્નો સમજીને કાર્યક્રમમાં ફેરબદલ કરી શકાય.

આવા જ કાર્યથી ૨૦૧૦માં મારી ટીમ સાથે પૂનાનાં Red Light Area બુધવાર પેઠમાં ત્યાંની એક સ્થાનીય સંસ્થાની મુલાકાતે કામની સમીક્ષા માટે સહયોગીઓ સાથે બેઠી હતી. આ સંસ્થા કૂટણખાનાનાં મધ્યમાં રહીને કાર્ય કરે છે. હજુ તો કાર્યની શરૂઆત કરીએ ત્યાં અચાનક જ નીચેથી બૂમબરાડા, ગાળો અને અવાજો આવવા લાગ્યા. આમ તો Red Light Area માં બધી બાબતો સામાન્ય હોય છે. પણ સતત બૂમોનાં અવાજનાં કારણે ઊભી થઈ અને બારીની બહાર જોયું ત્યાં લગભગ ૨૫ જેટલી વારંગનાઓ પોતાનાં ધંધાનો સમય હોવાના કારણે સજીધજીને બહાર ઊભી હતી. પણ આ શું? આ વારંગનાઓ અને તેમનાં ગ્રાહકોની ભીડ વચ્ચે એક ૧૫ થી ૧૬ વર્ષની છોકરી રઘવાયાની જેમ આમથી તેમ દોડીને સહાય અને શરણ માંગતી હતી. પાછળથી ત્રણથી ચાર મવાલીઓ તેણીને પકડવા માટે પ્રયત્ન કરતા હતા. પેલી અથડાતી કૂટાતી દિશાવિહીન થઈને આમતેમ ભાગતી હતી. પણ આ બધું વારંગનાઓ ઊભી રહીને મિશ્ર ભાવે જોઈ રહી હતી. લાગ્યું કે કોઈનો પણ આ મવાલીઓનો સામનો કરવાની હિંમત  નહોતી.

એને બાળકી કહેવી કે મહિલા તે નક્કી નહોતું કરી શકાતું. પણ ખૂબ જ નાની વયની હતી અને પરપ્રાંતની હોય તેમ લાગતું હતું. આમ તો બુધવાર પેઠમાં નેપાળ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને બંગાળની ગણિકાઓ વધારે જોવા મળે છે.

પરિસ્થિતિનો ક્યાસ આવતા સહયોગીઓને જણાવ્યું કે પોલીસને જાણ કરે. તાત્કાલિક જાણ કરવામાં આવી અને જોતજોતામાં પોલીસ આવી પહોંચી.

એવું લાગે કે શું વાત છે? પાંચ મિનિટમાં મહિલા કોન્સ્ટેબલ હાજર! હા, કારણ કે ત્યાંનુ સ્થાનીય પોલીસ મથક લગભગ ૧૦૦ મીટર જ દૂર છે, છતાં સંસ્થાવાળાએ બોલાવવા પડ્યા. પછી અચાનક જ મવાલીઓ ગાયબ! તેણીને સ્થાનીય પોલીસ સંસ્થામાં ઉપર લઈ આવી. તેણી એકદમ ગભરાયેલી હતી. થર થર કાંપતી હતી અને દોડવાથી હાંફતા હાંફતા મોઢામાંથી લાળ પડતી હતી. સ્થિર ઊભી પણ રહી શકતી નહોતી. શાંત પાડીને પાણી આપ્યું પછી થોડી શાતા વળી હોય તેવું લાગ્યું. જે વારંગનાઓ તેણીને ઘરમાં આશરો આપવાની ના પાડતી હતી અને ગ્રાહકો બોલાવવામાં મશગુલ હતી તે બધી અચાનક સંસ્થાનાં બારણા પાસે જોવા મળી. સાથે સાથે ત્યાંના થોડાક અસામાજિક તત્ત્વો અને દલાલો પણ! ખેર! આ બધું સમજવાનું થાય તે પહેલા વાત કરતાં ખ્યાલ આવ્યો કે તેણીને બંગાળના સીલીગુડીમાંથી ઘરકામની લાલચ આપીને લાવવામાં આવી હતી. અડધા કલાક પછી પણ સ્વસ્થ ન થતા મેં ત્યાંના મહિલા તબીબને તેણીની તપાસ માટે સલાહ આપી. કારણ કે તે ઊભી પણ નહોતી રહી શકતી. ખૂબ જ ધ્રૂજતી હતી. બેસવાનું કહેવામાં આવ્યું તો વધારે ધ્રૂજવા લાગી. મહિલા તબીબ તેણીને અંદર સારવાર અને ચકાસણી કરવા માટે લઈ ગયા.

અડધા કલાક પછી મહિલા તબીબ જ્યારે બહાર આવ્યા ત્યારે તેમની હાલત જોવા જેવી હતી. મનમાં ફડક પેઠી. અમંગળની આશંકા થઈ. મહિલા તબીબ રડવા લાગ્યા અને ચહેરા પર આઘાત અને અસહ્ય પીડા જોવા મળી. થોડીક ક્ષણો બાદ સ્વસ્થ થયા અને જે જાણવા મળ્યું તે સાંભળતા અમે બધા જ અવાક થઈ ગયા. કે આવું પણ બની શકે છે? કોઈ માનવી આવું અધમ કૃત્ય કરી શકે ખરા?

મહિલા તબીબના જણાવ્યા મુજબ તેણીનાં ગુપ્તાંગમાં લીલાં મરચાં વાટીને ભર્યા હતા અને પછી કપડાથી સીલ કરીને પટ્ટી બાંધી હતી! આટલું જ નહીં પણ સાથળમાં ડામ આપ્યા હોવાથી ચામડી બળી ગઈ હતી. વેશ્યા વ્યવસાયની ના પાડવાનાં કારણે તેને અસહ્ય શારીરિક પીડાઓ આપવામાં આવી હતી, જેથી તેનું મનોબળ તૂટી જાય અને ભવિષ્યમાં ભાગવાની અથવા ના પાડવાની હિંમત જ ન આવે. વિરોધ પણ ન કરી શકે.

મારી કારકીર્દીમાં એવા ઘણાં ય કિસ્સાઓ જોયા છે કે વેશ્યા વ્યવસાયમાં ધકેલવા માટે શારીરિક યાતનાઓ, ઢોરમાર મારવામાં આવે છે અને અન્ન પણ નથી આપવામાં આવતું પણ આવી અધમ ઘોર યાતના મેં પહેલી વાર તાદૃશ નિહાળી. આવી યાતનાઓનો વિચાર આવતા કાળજું કંપી જાય છે, ત્યારે પેલી છોકરી આ પીડા કેમ સહન કરતી હશે?

તાત્કાલિક સહયોગી તબીબની સહાયથી સારવાર આપવામાં આવી પણ પીડા સહન ન કરી શકવાથી આખરે તેણીને Morfinનાં ઈંજેક્શન આપવા પડ્યા ત્યારે થોડી સ્વસ્થ થઈ. ત્યાર બાદ સ્થાનીય પોલીસ દ્વારા તેણીને મહિલા સુધારગૃહમાં મૂકવામાં આવી. પણ આ આખી ય ઘટનામાં એવું ન તો સાંભળ્યું કે જોવામાં આવ્યું કે તેની પાછળ પડેલા મવાલીઓ અથવા દલાલોને પકડવામાં આવ્યા હોય!

હવે તો આખો ય મામલો પોલીસની પાસે, એટલે અમારા સહયોગી અને સ્વૈચ્છિક સંસ્થાએ follow-up કરવાનું જ રહ્યું ! બીજા દિવસે મારે યવતમાળ જવાનું થયું કારણ કે ત્યાંના કૂટણખાનામાં પણ સમસ્યાઓ આવી પડી હતી. પણ સતત સંપર્કમાં રહેતી હતી.

(અનુસંધાન માટે જુઓ પાના નં. ૩૮)

## ઉજ્જડ ઉપવનમાં સુગંધક્યારી

### સોનલ પરીખ

એક સાચા માણસને પોતાની તમામ સારપ છતાં ધિક્કારથી ભરેલા જંગલી ટોળાની સામે મજબૂર થઈને નિષ્ક્રિય થઈ જવાની પીડા કેવી હોય છે તેનો ખરો ખ્યાલ કોમી રમખાણો વખતે આવે છે. પણ રમખાણોની આ જ પરિસ્થિતિ સાચકલા માણસોની માનવતાને પણ બહાર લાવે છે. સ્વતંત્રતા પૂર્વે, ભાગલા વખતે અને તે પછી થયેલા દરેક નાના મોટા કોમી રમખાણમાં માનવીમાં રહેલા શયતાન અને ઈશ્વર બંનેના દર્શન થયાં છે. પણ રમખાણનો ભોગ બનેલાઓની વાસ્તવિકતા શી હોય છે? તેમના ઘા તો વર્ષો સુધી, કદાચ જિંદગીભર રુઝાતા નથી, પછી તે હિંદુ હોય કે મુસલમાન. તાજેતરમાં પ્રગટ થયેલું યજ્ઞ પ્રકાશનનું સરૂપ ધ્રુવ લિખિત પુસ્તક 'અણસાર ક્યાંક આશાનો' ગુજરાતમાં ૨૦૦૨-૨૦૦૬ દરમ્યાન થયેલાં રમખાણની સત્ય ઘટનાઓ પર આધારિત છે.

કહે છે કે જેઓ ઈતિહાસમાંથી કંઈ શીખતા નથી તેઓ એક દિવસ બરબાદ થઈ જાય છે. પણ ઈતિહાસ શું છે, કોનો છે, કેવો છે, વંચિતોને કેન્દ્રમાં રાખીને લખાયો છે કે શાસકોને એ પણ વિચારવા જેવી વાત છે. ઈતિહાસ શબ્દથી આપણને અભિપ્રેત હોય છે કોઈ દૂરનો અતીત, પણ ક્યારેક ઐતિહાસિક ઘટનાઓ દૂર દૂરના અતીતની નથી હોતી. જેમ કે ૨૦૦૨-૨૦૦૬ની ગોધરાકાંડ અને અનુગોધરાકાંડની ઘટનાઓ. 'અણસાર ક્યાંક આશાનો' પુસ્તક ૨૦૦૯માં પ્રગટ થયેલા સરૂપ ધ્રુવના જ હિંદી પુસ્તક 'ઉમ્મીદ હોગી કોઈ'નો મોહન દાંડીકરે કરેલો અનુવાદ છે. '૨૦૦૨ના ગોધરા-અનુગોધરા હત્યાકાંડનાં પાંચ વર્ષ વીત્યાં ત્યારે આ પ્રક્રિયા શરૂ થયેલી. આટઆટલો સંત્રાસ, ધિક્કાર વેઠ્યા પછી ગુજરાતના મુસલમાનો કઈ રીતે જીવી રહ્યા છે અને કઈ તાકાતે એમને ટકાવી રાખ્યા છે, એ શીખવાની-જાણવાની અને સર્જક તરીકે, સાંસ્કૃતિક કર્મશીલ તરીકે એમાંથી કંઈક હિંમત અને તાકાત ઉપરાંત જીવવાની આશા મેળવવાની આ નાનકડી કોશિશ હતી.' 'ઉમ્મીદ હોગી કોઈ'ની પ્રસ્તાવનામાં સરૂપબહેને લખ્યું છે.

આ પુસ્તકમાં ૨૦૦૨ના ગોધરાકાંડ પછી ગુજરાતમાં એક જ કોમને નજર સામે રાખીને જે બર્બરતા આચરવામાં આવી તેની વિગતો વાર્તાઓરૂપે આપવામાં આવી છે. રચના નામની એક સંવેદનશીલ કલાકાર-લેખિકા યુવતી પરિસ્થિતિની ભયાનકતાથી અત્યંત વ્યથિત થઈ જાય છે. જે બધું થઈ રહ્યું છે તેને માટે તેને એક તરફ પોતાની જાત પણ જવાબદાર લાગે છે, બીજી તરફ અસહ્ય નિષ્ક્રિયતા તેને કોરી ખાય છે. મિત્ર ચિંતન કહે છે, 'તારા ડરમાંથી બહાર આવ. સચ્ચાઈનો સામનો કર.'



રચના કહે છે, 'ડર? હું કોઈથી ડરતી નથી.'

'ડરે છે. તને માણસોનો ડર લાગે છે. તારો માણસાઈ પરથી વિશ્વાસ ઊઠી ગયો છે.'

'હા. પોતાને અહિંસક અને ધાર્મિક ગણાવતા લોકો આટલા બર્બર થઈ જાય, પોતાના જ પાડોશીઓની કતલ કરે, બળાત્કારો કરે, ઘર સળગાવે ત્યારે વિશ્વાસ કેવી રીતે આવે? કોના પર આવે?'

'ઈતિહાસ શું કહે છે તે જો. યહુદીઓ, હબસીઓ, આતંકવાદનો ભોગ બનેલાઓ તો પણ જીવે છે ને? કઈ તાકાત તેમને જીવાડે છે? વિચારવાનો મુદ્દો એ છે - ભોગ બનેલાઓને કઈ તાકાત જીવાડે છે - જા, મળ એમને. આંસુ લૂછ એમનાં. કદાચ તને પણ મળી જાય જીવનના થોડા કણ...'

અને રચના અમદાવાદ, સાબરકાંઠા, પંચમહાલ અને દાહોદ જિલ્લાના એકદમ ઊંડાણમાં આવેલાં ૪૦-૫૦ જેટલાં ગામોમાં જઈ, અત્યાચારનો ભોગ બનેલાઓની સાથે વાતચીત કરીને વિગતો મેળવે છે, જે વાસ્તવમાં સરૂપબહેને મેળવેલી છે. એક તરફ ક્રૂરતા અને જંગાલિયત અને બીજી તરફ કરુણા અને બહાદુરીનું થતું દર્શન એ આ વાર્તાઓનું વિષયવસ્તુ છે.

કેવી છે આ કહાણીઓ? મજીદભાઈ કહે છે, 'મારા ઘરના અગિયાર જણને મારી સામે સળગાવી દીધા. મારી દીકરી પર મારી જ નજર સામે સામૂહિક બળાત્કાર થયો ને પછી તેને મારી નાખી. ત્યાં ગોધરામાં કોઈકે કંઈક કર્યું તેમાં અમને નરોડા-પાટિયાવાળાઓને શા માટે સળગાવી દેવાયા?' આ બધું વિવશતાથી જોનાર મજીદભાઈ આગળ કહે છે, 'ગોધરાના બદલામાં આટલા બધા લોકોને અહીં મારી નાખ્યા. કોઈ વળી તેનો બદલો લેવા નીકળશે. ફનાફાતિયા થશે અમારા જેવા ગરીબ અંગૂઠાછાપ લોકો.' વકારભાઈ કહે છે, 'આટલા બધા ઊંડાણમાં આવેલા દુર્ગમ ગામોમાં એક સાથે, એક જ સમયે ને એકસરખી રીતે જ હુમલો થયો. કેટલું વ્યવસ્થિત આયોજન હશે - ને કેટલા વર્ષોના પૂર્વગ્રહો અને ધિક્કારનું પરિણામ હશે!'

આંજણવા ગામના ભાથીભાઈ કહે છે, '૨૦૦૨ની પાંચમી માર્ચની સાંજે ૫૦૦થી વધારે લોકોનું ટોળું આવ્યું. લોકો તો પહેલા જ ભાગવા માંડ્યા હતા. પાછળ રહી ગયેલા બાળકો, સ્ત્રીઓને બુઢ્ઢાઓને પકડી પકડીને મારી નાખ્યા અને આ કૂવામાં ફેંકી દીધા.' આ ભાથીભાઈએ પછીથી અમનગ્રુપમાં જોડાઈ ખૂબ કામ કર્યું હતું. ભોગ બનેલાઓનું પુનર્વસન, ખાસ કરીને તેમને સલામતીનો અહેસાસ અપાવવાનું કેટલું મુશ્કેલ છે તે 'ભાથીભાઈ સીતાફળવાળા' વાર્તામાં વર્ણવાયું છે. શકરાભાઈ બાળપણના ગોઠિયા યુનુસ અને તેના પરિવારને કપરા દિવસોમાં જોખમો ખેડીને પણ કેવી રીતે રક્ષે છે તે છે 'દોસ્તી'નું કથાવસ્તુ. 'રક્ષાબંધન' વાર્તામાં મુસ્લિમ બહેન જમીલાની રક્ષા કરતા હિંદુ સરદારભાઈની વાત છે, તેની દુકાન બચી ગઈ તેનું શ્રેય તે પડોશીઓના પ્રેમને આપે છે, પણ દુકાન બચી ગયાનું ખરું કારણ એ છે કે તેને અડીને હિંદુઓનાં મકાન-દુકાન હતાં. 'રાખના રંગ'માં છે ભાઈભાઈની જેમ રહેવાવાળા દેસાઈ અને સુલેમાન. પણ સુલેમાનની હવેલીમાં પહેલી દીવાસળી દેસાઈ

જ મૂકે છે ને ત્યારે રાખનો રંગ વધુ કાળો બની જાય છે. કટોકટીની ઘડીઓમાં સમાજનું ચારિત્ર્ય અટપટું બની જાય છે. કોઈ પણ રમખાણ હોય, સ્ત્રીને માથે ખૂબ વીતે છે. તો પણ સ્ત્રી બીજાને માટે થાય તેટલું કરતી રહે છે. 'કંઈક સીધું, કંઈક અટપટું'ની નસીબ આવી જ સ્ત્રી છે. રાહતસંસ્થામાં ઊંચા હોદ્દા સુધી પહોંચી ગઈ છે, પણ તેનો જ પ્રેમી ઈર્ષામાં અંધ બની તેને બરબાદ કરે છે.

ત્રીસથી વધારે વાર્તાઓમાં હિંદુ-મુસ્લિમ પ્રેમલગ્નની મીઠાશ અને મૈત્રીથી લઈ તહેવારોમાં શીરકુરમા ખાવા આવતા, ઘરના સભ્યો જેવા તરુણોના હાથે જ તબાહ થઈ જતા પરિવારોની વાતો છે. ક્યાંક માથે ઊભા રહીને કરાવાયેલો સંહાર છે, ક્યાંક હુમલાખોરોમાં જબરદસ્તી સામેલ થવાની મજબૂરી છે, ક્યાંય ન્યાય મેળવવાનો આગ્રહ છે, ક્યાંક સામનો કરવાની બહાદુરી છે, ક્યાંક ધિક્કારનું નગ્ન તાંડવ છે તો ક્યાંક છે નિર્ભેળ માનવતા. હુમલાખોર કોઈ પણ હોય, ભોગ તો બને છે એ જ, એની એ જ ઘાયલ, લાચાર જનતા. ભયાનક બર્બરતાના જંગલી નાચની વચ્ચે સાબૂત રહેતી હિંમત અને માનવતા એ જ છે આશાનો, ક્યાંક ક્યાંક દેખાતો અણસાર.

વૉલ્ટરે કહ્યું છે, 'તમારા વિચારોની સાથે હું સંમત ન હોઉં એમ બને. પણ તે વ્યક્ત કરવાના તમારા અધિકાર માટે હું ખપી જવા તૈયાર છું.' આ છે લોકશાહી. વિરોધી વિચારો પ્રત્યે પણ આદર એ લોકશાહીનો પાયાનો સિદ્ધાંત છે. પણ સ્વતંત્ર ભારતના ઝનૂની હિંદુ-મુસ્લિમો ભળતા જ કારણોસર પોતાના નિર્દોશ પાડોશીએને એટલા જ માટે ખલાસ કરી નાખે છે કે તેઓ બીજી કોમના છે - સામેની કોમના છે. ક્યારેક એક કોમ આક્રમક હોય છે, ક્યારેક બીજી. પણ જે સહન કરે છે તેમની કોમ છે ગરીબની. તેમના ધંધાપાણી, જાનમાલ અને ઈજ્જતઆબરુનાં ચીંથરા ઊડી જાય છે. કારણ કોઈ પણ હોય, પરસ્પરવિરોધી પ્રતિક્રિયાઓનો વંટોળ તો થોડા દિવસમાં શમે છે, પણ તેને પરિણામે ઊભા થયેલા અવિશ્વાસનો ધૂમાડો વર્ષો સુધી હવામાં તર્યા કરે છે ને જરાસરખી હવા મળતા જ જ્વાળાઓમાં પલટાઈ જાય છે. આજે આ સવાલ કોઈ એક કોમના સ્થાપન-વિસ્થાપનનો નથી રહ્યો. વૈશ્વિક ફલક પર હિંસા અને અસહિષ્ણુતાના કાળા ઓળા વધુ ને વધુ ઘેરા થતા જાય છે. ધર્મનિરપેક્ષો અને સર્જકોની સ્વતંત્રતા કસોટીએ ચડેલી છે અને દૂરિત સામે ઊઠતા અવાજને રૂંધવામાં આવી રહ્યો છે ત્યારે આ પુસ્તકનું ભાષાંતર ગુજરાતી વાચકોના હાથમાં આવે છે તેની પ્રસ્તુતતા અદકી છે તેવા લેખિકાના મંતવ્ય સાથે સંમત થવાનું મન થાય છે. ઉજ્જડ થતા જતા ઉપવનમાં માનવીય સંવેદનાની ક્યારીઓ આપણે જ જતનપૂર્વક ઉછેરતા રહેવાની છે તેની પ્રતીતિ આપતું પુસ્તક.

('અણસાર ક્યાંક આશાનો' ગુજરાત : ૨૦૦૨-૨૦૦૬. લેખિકા સરૂપ ધ્રુવ, અનુવાદ - મોહન દાંડીકર,
પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧.
પ્રથમ આવૃત્તિ ૨૦૧૬, પૃષ્ઠ ૨૭૨, મૂલ્ય રૂ. ૧૩૦)

(સંપર્ક : બી/૨, રીતિકા એપાર્ટમેન્ટ, એસ.વી.રોડ, દહીસર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૮)



## વિચારવલોણું પરિવાર દ્વારા પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ (મૂ.લે.જિમ સ્ટેવેલ) | અનુ. મનસુખ રીંડાણી | રૂા. ૨૦/- |
| ૦૨ | લાવણ્યા(મૂ.લે.રવીન્દ્રનાથ ટાગોર) | અનુકલન : માવજી કે. સાવલા | રૂા. ૩૦/- |
| ૦૩ | સંવાદ (ગુજરાતી) | સારસંક્ષિપ્ત : મુનિ દવે | રૂા. ૨૫/- |
| ૦૪ | ડૉ. વિક્રમ સારાભાઈ | ડૉ. પદ્મનાભ જોષી | રૂા. ૪૫/- |
| ૦૫ | યાન્ની | સારાનુવાદ : કલ્પના શાહ | રૂા. ૩૫/- |
| ૦૬ | અલબેલી | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૩૦/- |
| ૦૭ | ભીતરનું સામર્થ્ય | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૦૮ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂા. ૩૫/- |
| ૦૯ | આત્મા-પરમાત્મા, જન્મ-પુનર્જન્મ | સંપાદક : હિરાલાલ વરિયા | રૂા. ૫૫/- |
| ૧૦ | બહાનાં ના કાઢ દોસ્ત | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦/- |
| ૧૧ | સ્વીકારથી ચમત્કાર | સંક્ષિપ્ત : ડૉ. વિપુલ દેસાઈ | રૂા. ૩૫/- |
| ૧૨ | ક્ષિતિજની ધાર પર | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૧૩ | મુક્ત ગગનની બારી | હરેશ ધોળકિયા | રૂા. ૩૫/- |
| ૧૪ | સંબંધોની ઉષ્મા | માવજીભાઈ સાવલા | રૂા. ૪૦/- |
| ૧૫ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂા. ૩૫/- |
| ૧૬ | મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના | અનુ. અમી કંદર્પ પંડ્યા | રૂા. ૩૦/- |
| ૧૭ | આયુર્વેદના પાયા | લેખક : બાલકૃષ્ણ વૈદ્ય | રૂા. ૩૫/- |
| ૧૮ | ''હા'' કે ''ના'' | અનુવાદક : દર્શા કીકાણી | રૂા. ૩૫/- |

(પાના નં. ૩૪નું અનુસંધાન)

ચાર દિવસે પરત ફર્યા પછી જ્યારે વાત સાંભળી ત્યારે પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ! સુધારગૃહ અને પોલીસ દ્વારા જણાવાયું કે તેમના વાલી આવીને લઈ ગયા. પણ હકીકત તો અલગ જ હતી. તેણીને આંધ્રપ્રદેશનાં આદીલાબાદમાં રૂપિયા ૮૦,૦૦૦માં ફરીથી વેચવામાં આવી હતી અને આવેલા નાણાં સગેવગે પણ થઈ ગયા!

Fieldમાંથી પરત આવ્યા બાદ આ સમગ્ર ઘટનાને યાદ કરતા વિચારતી હતી કે આપણાં સમાજમાં આપણા માનવીય મૂલ્યો શું આટલા બધા નિમ્ન સ્તરનાં છે કે પૈસા અને વાસનાની ભૂખ માટે એક માસૂમ જીવને આટલી બધી યાતનાઓ આપે? શું માનવજીવનનું કાંઈ મૂલ્ય નથી, ખાસ કરીને સ્ત્રીઓનું? સાથે સાથે એવું પણ થયું કે આવા કાર્યનો શો અર્થ, જો સમાજની ગરીબ અને નિમ્નવર્ગની બહેનોને સુરક્ષા પ્રદાન ન કરી શકીએ? આપણા રક્ષક સમા પોલીસના કાર્ય પર પણ પ્રશ્નો છોડી જાય છે.

(એ-૪૧, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ-૨, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-૧૫)

## પાપ અને પુણ્ય

આજ સુધી મેં બહુ પાપો કર્યા છે. બહુ લોકોને છેતરીને પૈસા ભેગા કર્યા છે. ઘણી માનવહિંસામાં ભાગીદારી કરી છે અથવા તેને ટેકો આપ્યો છે. કોઈના માથા પર પગ મૂકીને આગળ વધતા અચકાયો નથી. બહુ લોકોનું શોષણ કર્યું છે. ખાતરીબંધ ધૂતારાઓને મહાત્મા કહીને પૂજ્યા છે કારણ કે તેમણે મને પાપમાં મદદ કરી છે અને ઘણા કાયદાના ફંદામાંથી પોતાની ઓળખાણને કારણે બચાવ્યો છે. સાચું તો ક્યારેક જ બોલ્યો હોઈશ.

મારા સ્વર્ગના એન્ટ્રી પાસ મળવાને બાબતે શંકાઓ થઈ ત્યારે ખબર પડી કે કેટલાક કામો કરવાથી પાપો ધોવાઈ જાય છે. એટલે હવે મેં જ્યાં કોઈ પણ ભગવાનનો ફોટો કે ચિત્ર દેખાય કે તરત એને જમણો હાથ અડાડી આંખે અને છાતીએ લગાવી દઉં છું. બીલીનું ઝાડ દેખાય કે એના થડને હાથ લગાવી આંખે અડાડું. દર શનિવારે હનુમાનજીને ટબૂડી તેલ ચડાવું. અગિયારસને દિવસે અચૂક મંદિરે જાઉં. જેટલા સાધુ, સંતો (ભગવા કપડાં પહેરેલા), મહાત્માઓ દેખાય તેમના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ કરું. મારા ધર્મ વિષે કોઈ જેમતેમ બોલે કે શંકા પણ વ્યક્ત કરે તો મારામારી કરતા પણ અચકાતો નથી. કુંભના મેળામાં ગંગાસ્નાન કરી આવેલો. આ વખતે ઉજ્જૈનમાં ક્ષીપ્રામાં ડૂબકી મારી આવ્યો. આ ઉપરાંત ગાયને ખડ, પંખીને ચણ, કીડીને કણ, કૂતરાઓને ગ્લુકોઝના બિસ્કીટ તો રોજ ખવરાવું છું. નીચલી જાતના લોકોના સ્પર્શથી દૂર રહું છું. અધર્મી અને પરધર્મીની કનડગત કરવામાં હું હંમેશા આગળ રહું છું. હું માનું છું કે ચિત્રગુપ્તના ચોપડામાં હવે મારું પુણ્યનું ખાતું તો છલકાઈ જ ગયું હશે કારણ કે આટલું બધું કર્યા પછી જૂના બધા પાપ તો ધોવાઈ જ ગયા હશે ને!! (હવે નવા પાપ કરવાની જગ્યા થઈ હશે.)

હમણા ક્યાંકથી મારા હાથમાં ચિત્રગુપ્તની ઓફિસમાંથી લીક થયેલ એક પરિપત્રની કોપી આવી ગઈ જેણે મારી ઊંઘ ઊડાડી દીધી છે. તેમાં લખ્યું છે કે : ''આપણા કામો વિષે લોકોમાં એવી ગેરસમજ ફેલાવવામાં આવી રહી છે કે અમુકતમુક કામો કરવાથી પાપો ધોવાઈ જાય છે. માનવોએ કરેલા પાપો વોશેબલ નથી. તેવી જ રીતે મૃત્યુ વખતે માનવોના પાપ-પુણ્યનો હિસાબ સરવાળા બાદબાકીથી નથી કરવાનો. (૫૦ પાપો અને ૬૦ પુણ્યો હોય તો બાકી વધે ૧૦ પુણ્યો આવું ન થાય) દરેક માનવે પાપોના અને પુણ્યોના ફળ અલગ અલગ ભોગવવાનાં જ છે. માટે ઓફિસના દરેક કર્મચારીઓએ હિસાબમાં આ ધ્યાન રાખવું.''

આ તો સરાસર અન્યાય જ કહેવાયને!! આવું કેવી રીતે ચલાવી લેવાય? તમે બધા મારી સાથે છો કે નહિ?





- 'આપણું વિચારવલોણું' એ એપ્રિલ ૨૦૧૬માં ''ચક્રધાર'' નામ સાથે જે ચોપડી મોકલી જેમાં લેખક શ્રી અભિજિત વ્યાસે બે જગપ્રખ્યાત સંગીતકારો પંડિત રવિશંકર અને પંડિત ભીમસેન જોષી અને બીજા બે સંગીતકારો એક ચાયકો વસ્કી અને બીજા ડેવ બ્રબેકના જીવન અંગે ઉત્તમ માહિતી આપીને ખૂબ પ્રસન્ન કર્યા છે.

(''નાસા ફાઉન્ડેશન'', સૂર્યકાન્ત પરીખ, ચોથો માળ, સહયોગ કોમર્શિયલ સેન્ટર, દિનબાઈ ટાવરની સામે, લાલદરવાજા, અમદાવાદ-૧. ફોન : ૯૮૯૮૦૦૩૯૯૬)

---

આપણે ઘૂઘરાપ્રેમી પ્રજા છીએ. ઘૂઘરો વાગે તો ભૂખથી રડવાનું ભૂલી જઈએ. રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રપ્રેમમાં તફાવત આ છે. રાષ્ટ્રપ્રેમ અંદરથી આપોઆપ આવે, જેની બુનિયાદમાં બેહતર જીવનનું નિર્માણ હોય. સાચાને પુરસ્કાર અને ખોટાને તિરસ્કાર હોય. રાષ્ટ્રવાદ એક ઘૂઘરો છે, જે ધ્યાન ખેંચવા માટે વપરાય છે. એ ય આયાતી કોન્સેપ્ટ છે. ભારતની સંસ્કૃતિમાં માનવ કેન્દ્રમાં છે. રજવાડું કે દેશ નહિ. આપણા પ્રાચીન ગ્રંથો માનવતાના મૂલ્યોની વાત કરે છે, સરહદો અને કોઈ ચોક્કસ નામવાળા દેશના નામે છલકાતા અહંકારી અભિમાનની નહિ! આ જ ગ્લોબલ ટ્રેન્ડ છે. દેશ કરતાં સત્ય, માનવતા, પ્રગતિને અને નવી પેઢીની સાચી સમજને વધુ મહત્ત્વ આપવાનો! નેશનલિઝમ તો વેપાર માટે ધર્મની હરીફાઈમાં યુરોપે ઊભો કરેલો એવો કોન્સેપ્ટ હતો, જેણે વિશ્વયુદ્ધોમાં લાખોને બરબાદ કર્યા, જેને લીધે આરબવિશ્વમાં ઉથલપાથલ થઈ અને ત્રાસવાદનું પારણું બંધાયું.

**જય વસાવડા**

(સૌજન્ય : ગુજરાત સમાચાર)

ગયે મહિને તમને મળ્યું : **'હા' કે 'ના', સાચો નિર્ણય લેવાની માર્ગદર્શિકા,**

**સ્પેન્સર જોન્સનના પુસ્તકનો ભાવાનુવાદ**

**કિંમત** રૂા. ૩૫.૦૦

આવતે મહિને તમને મળશે : **મૃત્યુ પછી આત્માની સ્થિતિ**

**મૂળ લેખક : ડૉ. માઈકલ ન્યુટન, સંકલનકર્તા : કરસન પટેલ**

# આપણી વાત

જો તમે નિયમિત 'વિચારવલોણું' વાંચતા હો, જો તમને એ ગમતું હોય, જો તમને એમ લાગતું હોય કે આ પ્રવૃત્તિ માત્ર પૈસાને કારણે બંધ ના પડવી જોઈએ તો તમે નીચેનાં કામોમાંથી તમને યોગ્ય લાગે તે કરી શકો.

- તમારું ત્રણ કે પાંચ વર્ષનું કે કાયમી લવાજમ સમયસર ભરી દો.
- તમે કમસે કમ બે નવા મિત્રોને તૈયાર કરો, જે લવાજમ ભરીને ગ્રાહક બને.
- તમે એવી થોડીક વ્યક્તિઓ કે સંસ્થાઓ પસંદ કરો, જેમને તમારા મતે 'આપણું વિચારવલોણું' મળવું જોઈએ. તમે એમનું ત્રણ કે પાંચ વર્ષનું લવાજમ ભેટમાં આપી શકો.
- તમે નાની-મોટી રકમ અમને દાન તરીકે અથવા વ્યાજમુક્ત લોન તરીકે આપો. જેનું વ્યાજ અમે રાખીએ પણ મૂળ રકમ તમારી જ રહે. તમે માગો ત્યારે તે રકમ તમને પાછી મળી જાય.
- સારા-માઠા પ્રસંગે અમારી પુસ્તિકાઓ ખરીદીને ભેટ આપો.
- અમારો કોઈ અંક કે પુસ્તિકાને માટે રૂ. ૧૫,૦૦૦ આપીને સ્પોન્સર કરી શકો.
- તમને ગમેલી અમારી પુસ્તિકાઓને જાતે છાપવાને બદલે અમારી પાસેથી ખરીદો. એ નાની આવક અમને ટકી રહેવાનું બળ આપે છે.
  આશા છે કે આ બાબતો પર વિચાર કરીને આપ ઘટતું કરશો.
  તમારાં સૂચનો આવકાર્ય છે.
- **હવે આપણને ઈન્કમટેક્ષમાં રાહત આપવા માટે "80G" સર્ટિફિકેટ આપવાની મંજૂરી મળી ગયેલ છે, જે સૌની જાણ સારુ.**

**- ટ્રસ્ટીઓ અને સંપાદકો : વિચારવલોણું પરિવાર**

**નોંધ :**
બી.એડ્., એમ.એડ્., સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે 'વિચારવલોણું'નું લવાજમ એક વર્ષનું રૂ. ૧૫૦/- રહેશે. તેમના ભાગના બાકીના રૂ.૧૦૦/- શ્રી સુરેશભાઈ પરીખ આપશે.



## • કાંકરીચાળો •

### સ્માર્ટ સીટી

અગાઉના જમાનામાં માત્ર સ્માર્ટ માણસો જ હતા. હવે તો આપણે એટલો વિકાસ કરી નાખ્યો છે કે વસ્તુઓ પણ સ્માર્ટ થવા માંડી છે. તેમાં હવે સ્માર્ટ સીટી આવ્યું. સ્માર્ટ સીટીનો અર્થ એવો નીકળે કે એવું શહેર જે સાફ સુથરું હોય, સુઘડ હોય, સંસ્કારી હોય. આપણે ઈચ્છીએ કે એ આપણને માનસિક કે શારીરિક પીડા આપનારું ના હોય.

ગયા વર્ષના સપ્ટેમ્બર માસમાં સરકારે એવી જાહેરાત કરી કે આગામી પાંચ વર્ષમાં ૧૦૦ શહેરોને સ્માર્ટ બનાવવા રૂ. ૪૮૦૦૦ કરોડનો ખર્ચ કરશે. તેમણે લોકસભામાં આપેલી નોંધ પ્રમાણે ''સ્માર્ટ શહેરો એવા હશે જે મૂડી રોકાણને આકર્ષે.'' આ શહેરોમાં વીજળી અને પાણીનો પુરવઠો, સફાઈ અને કચરાનો નિકાલ કરવાની અવ્વલ પ્રકારની સુવિધા હશે. આધુનિક જાહેર પરિવહન, આઈટી કનેક્ટીવીટી અને ઈ-ગવર્નન્સની સુવિધા પણ હશે.

આ સાંભળીને બહુ સારું લાગે છે કે ચાલો, હવે તો આ બધી પ્રાથમિક સુવિધા અમદાવાદના બધા જ લોકોને સહજ પ્રાપ્ત થશે. તે બહાને આપણે પણ સ્માર્ટ દેખાશું તો ખરાં.

મને કેટલાક પ્રશ્નો થાય છે. જેમ કે, મારી પાડોશની સોસાયટીમાં લગ્ન હોય ત્યારે રાતના બે વાગ્યા સુધી સંગીતને નામે દેકારો કરવાની છૂટ હોઈ શકે? મારી બાજુના ખાલી પ્લોટમાં આસપાસની બધી સોસાયટીઓ, પેટ્રોલ પંપ અને અન્ય દુકાનો પોતાનો કચરો નાખી જાય છે. તેને કોણ રોકશે? બે ઈંચ વરસાદમાં અમદાવાદના બધા અન્ડરબ્રીજ પાણીથી છલકાઈ જવાથી બંધ કરવા પડે છે. શહેરને સ્માર્ટ બનાવવું તો જરૂરી છે જ. પણ એ પૈસા ખર્ચવાથી કે ટેકનોલોજી લાવવાથી બને? તેમાં રહેનાર અને તેનો વહીવટ કરનાર માણસોનું શું? તે આપોપ સ્માર્ટ બની જશે?

તો, મિત્રો સવાલ એ છે કે આપણે આપણા શહેર પાસેથી શું અપેક્ષા રાખીએ છીએ? આપણને કેવું શહેર જોઈએ છે? જે જોઈએ છે તે માટે આપણે - એક સમાજ તરીકે - કેટલા સજ્જ છીએ? ખાસ તો હવાનું પ્રદૂષણ, ઉનાળાની પ્રચંડ ગરમી, વરસાદમાં મચ્છરોનો ત્રાસ, પાણીનો અને ઊર્જાનો બગાડ, જાહેર માર્ગો પર વાહન ચાલકોની અશિસ્ત, વિગેરે મને જે શારીરિક, માનસિક પીડા આપે છે તેમાંથી છૂટકારો મળશે?

શહેરોમાં વધતી વસ્તી માટે હાલના શહેરને વધુ સ્માર્ટ બનાવવું જોઈએ કે શહેર તરફનો ઘસારો ઓછો થાય તેવા પગલાંઓ લેવા જોઈએ? જો ગામડાઓને, નાના શહેરોને વધુ સારી સગવડતાઓ આપી શકીએ તો મહાનગરો પરનું ભારણ ઓછું થઈ શકે? પણ આ બધું ક્યાંથી થશે, જ્યારે સ્માર્ટ સીટીનો મૂળ આશય જ વધારે મૂડી રોકાણ હોય! કંઈ સમજાતું નથી. તમને સમજાય છે? તો લખો. આપની સમજ ૩૦ જૂન, ૨૦૧૬ સુધીમાં લખી મોકલાવો.

**મુનિ દવે**

(૮૦૪, સગુન પેલેસ, શિવરંજની ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
email : samanvay.sys@gmail.com)